Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्–हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४१ वैशाख. आत्म सं. १९. { अंक १० मो

प्रकाशक–श्रीजैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ, ગુરૂ સ્તુતિ. ... ... | ૨૬૩ | ૬ | પરતૃષ્ણા વિરમણપદ–અનુવાદ | ...૨૮૯ |
| ૨ | પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું વ્યાખ્યાન છેલ્લું... ... | ૨૬૪ | ૭ | જૈનોન્નતિ ... ... ... | ...૨૯૦ |
| ૩ | ભાવથી શું ધર્મપ્રાપ્ત થાય છે? | ૨૭૨ | ૮ | જુની જૈન સાહિત્ય પ્રવૃત્તિને નિભાવી રાખવાની જરૂર... ... | ...૨૯૨ |
| ૪ | શ્રી જૈન શ્વેતામ્બર કોનફરન્સનું બંધારણ... ... ... | ...૨૭૬ | ૯ | પંજાબના શ્રી સંઘને જવાબ | ...૨૯૪ |
| ૫ | આશ્રવભિંમાસા (કષાયનું સ્વરૂપ)... | ૨૭૮ | ૧૦ | સમાલોચના ... ... ... | ...૨૯૪ |
| | | | ૧૧ | વર્તમાન અને ખેદજનક સમાચાર. | ૨૯૭–૨૯૮ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બારમા વર્ષની અપૂર્વ ભેટ.

## આ સભાને ચાલતા વર્ષના જેઠ માસમાં વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં શ્રી શ્વેતામ્બરીય જૈન ગ્રંથ માર્ગદર્શક યાને જૈન ગ્રંથ ગાઇડ નામનું એક ઉમદા અને દળદાર પુસ્તક ભેટ.

અમારા માસિકના માનવંતા કદરદાન ગ્રાહકોને જણાવવા રજા લઈએ છીયે કે આ વર્ષનો આ નવમો અંક છે. આ વર્ષને પુરૂં થવાને માત્ર ત્રણ માસ બાકી છે, દરમ્યાન આ સભાને એક માસ પછી જેઠ માસમાં વીસમું વર્ષ બેસતું હોવાથી તેની શરૂઆતમાંજ અમારા ગુરૂભક્ત ગ્રાહકોને જેમ દર વર્ષે દ્રવ્યાનુયોગ કે ચરિતાનુયોગનો અપૂર્વ ગ્રંથ ( જે દરવર્ષેજ ભેટ આપવાનો નિયમિત ક્રમ માત્ર અમારોજ છે તે ) સભાના ધારા મુજબ સુમારે દશથી અગ્યાર ફારમનો ગ્રંથ ભેટ અપાય છે, તેને બદલે આ વર્ષે આ સભાને વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં સુમારે **ત્રીશ ફારમનો, ઉંચા ઇંગ્લીશ કેમ્બ્રીજ પેપરમાં સુંદર ટાઈપથી છપાવેલ, સુંદર ચળકતા સોનેરી રંગીન કપડાથી પાકી બાઇડીંગ કરેલો, સુમારે અઢીશેંહ પાનાનો અમુલ્ય જૈન ગ્રંથ ગાઈડ નામનો ગ્રંથ, જેના કે પ્રયોજક** ઉપાધ્યાયજી શ્રીમદ વીરવિજયજી મહારાજના શિષ્ય શ્રી વિનયવિજયજી મહારાજ છે; જે ગ્રંથ ખરેખર એક જૈનસાહિત્યમાં વૃદ્ધિ કરવા સાથે **લાયબ્રેરી ( પુસ્તકાલય ) ના શૃંગાર રૂપ છે.** અને તે આ વર્ષ માટેજ આવો મોટો ગ્રંથ ભેટ આપવાનો સભાએ ઠરાવ કર્યો છે. અને હવે પછી ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.

શ્રી જૈનગમ રૂપ મહોદધિના મથનથી આજસુધીમાં પ્રગટ થયેલા અમુલ્ય ગ્રંથરૂપ રત્નોના સ્વરૂપ માર્ગને બતાવવામાં ભોમીયા જેવો આ અપૂર્વ ગ્રંથ થોડા વખતમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે, આ ગ્રંથની અંદર નાના મોટા ૬૦૦ વિષયો આવેલા છે, તે ગ્રંથોના નામ **અ**કારાદિ ક્રમને અનુસરીને રાખવામાં આવ્યા છે, પ્રત્યેક ગ્રંથની માહીતી મેળવવાને માટે તેની અંદર આવતા વિષયો પણ **અ**કરાદિ ક્રમથી ગોઠવેલા છે, અને તે તે વિષયો ઉપલબ્ધ થવા તેના પૃષ્ટાંકો પણ તેમની સામે આવેલા છે.

તે સિંવાય તે તે ગ્રંથના કર્તા, સ્થલ, મુદ્રાલય, મુલ્ય, અને શક સંવત્સર વગેરે તેના આરંભમાં દર્શાવેલ છે. આથી જૈનધર્મ સંબંધી વિવિધ વિષયોના પ્રમાણોનો સંગ્રહ કરવાની ઇચ્છા રાખનારાઓ, જૈન વ્યાખ્યાનકારો, જાહેર વક્તાઓ, લેખકો અને અભ્યાસીઓને આ ગ્રંથ અત્યંત ઉપયોગી થયા વિના રહેશે નહિ. ગ્રંથની આદ્યમાં તે તે ગ્રંથોની અનુક્રમણિકા આપવામાં આવી છે અને તેની અંદર આવતા વિષયોની પણ ઘણી ઉત્તમ યોજના આપવામાં આવી છે.

જૈનાગમની પ્રગટ થએલી જ્ઞાનસમૃદ્ધિના વિલાસથી ભરપુર એવો આ ગ્રંથ પ્રત્યેક જૈન વિદ્વાન મુનિઓ, અને ગ્રહસ્થોએ આદરથી સંગૃહિત કરવા યોગ્ય છે અને પ્રત્યેક ગૃહ, પુસ્તકાલય અને જાહેર પુસ્તકાલયોમાં અલંકાર રૂપે સ્થાપન કરવા યોગ્ય છે.

આ ગ્રંથ **ચાલતા માસની વદ ૮ થી** આ માસિકના માનવંતા ગ્રાહકોને વી. પી. કરી મોકલવાનું શરૂ કરવામાં આવશે. ગ્રંથ ઘણો મોટો હોવાથી પોસ્ટ ખર્ચના રૂ.૦-૩-૦ વધારે બેસતા હોવાથી રૂ ૧-૭-૦ વી. પી. કરવામાં આવશે. જેથી અમારા સુજ્ઞ ગ્રાહકો તે સ્વીકારી કદરણુઝી લવાજમ મોકલી આપવા ચુકશે નહીં.

વેલ્યુપેબલ સ્વીકારવું ન હોય તેમણે તરતજ ઉપરની મુદત પહેલા અમોને પત્રદ્વારા લખી જણાવવું. જેથી નકામો સભાને પોસ્ટેજનો ખર્ચ કરવામાં ન આવે અને જ્ઞાનખાતાને નુકશાની ન થાય, એટલુંજ નહિ પરંતુ પોસ્ટ ખાતાને પણ તકલીફ ન પડે. જેનો સ્વીકારવાનો ઉપરની મુદતમાં જવાબ નહીં આવે તેને વી. પી ઉપર મુજબ મોકલવામાં આવશે જેથી મેહેરબાની કરી તેઓ સ્વીકારી લેશે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थ परिज्ञाने यत्नो विधेयः॥

पुस्तक १२] वीर संवत् २४४१, वैशाक. आत्म. संवत् १९ [ अंक १० मो.

## प्रभुस्तुति.

### શાર્દૂલવિક્રીડિત.

જે નિષ્કામ પ્રભુ સદા પણ ધરે કલ્યાણની કામના,
જે આસક્તિ વિના પરોપકૃતિમાં આસક્ત છે નામના;[1]
નૈ રાખે નિજ સાથ કાંઇ પણ તે ચિત્તે દયા ધારતા,
તે અર્હંત જિનેશને નમન છે સંસારથી તારતા. ૧

## गुरूस्तुति.

### માલિની.

બહુ જન ઉપકારે સર્વદા ચિત્ત ધારે,
સતત કરી વિહારો દેશનાને પ્રસારે;
મન વચન શરીરે શુદ્ધ ચારિત્ર ધારી,
ગુરૂપદ કમળે તે વંદના છે અમારી. ૧

૧ માત્ર નામના આસક્ત છે, ખરી રીતે આસક્ત નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું

## વ્યાખ્યાન ૧૦ મું. (છેલ્લુ)

( ગતાંક પૃષ્ટ ૨૪૨ થી શરૂ )

### જીવનો વિષય.

દેવ, ગુરૂ અને ધર્મના વિષયને લગતાં વ્યાખ્યાન આજ સુધીમાં મારી યથા શક્તિ પ્રમાણે કહી બતાવ્યાં. હવે આજે જીવના વિષય સંબંધી કહું છું, વિચાર કરવો તે તો આપ બુદ્ધિમાનોનેજ આધીન છે.

### मंगलाचरणं.

ये नो पंडितमानिनः शमदमस्वाध्यायचिंतांचिताः ।
रागादिग्रहवंचिता न मुनिभिः संसेविता नित्यशः ॥
नाकृष्टा विषयै मदै र्न मुदिता ध्याने सदा तत्परा–।
स्ते श्रीमन्मुनिपुंगवा गणिवरा कुर्वंतु नो मंगलं ॥ १ ॥

**અર્થ**—જે મહા પુરૂષો પંડિતપણાના મદે કરીને રહિત અને ક્રોધાદિકને શાંત કરવામાં, ઇંદ્રિયોને દમન કરવામાં, સ્વાધ્યાય કરવામાં સદા લીન છે; તેમજ રાગાદિક ગ્રહોથી ઠગાયા નથી; અને બીજા અનેક મુનિઓ જેની સેવા કરે છે, તેમજ ઇંદ્રિયોના વિષયોમાં ખેંચાતા નથી; અને જ્ઞાનાદિકની પ્રાપ્તિ થયા છતાં મદોન્મત્ત પણ થતા નથી અને સદા ધ્યાનમાંજ મગ્ન રહે છે. તેવા શ્રીમાન્ મહાત્માઓ અમોને સદા મંગળ કરો. ॥ ૧ ॥

### નવતત્ત્વનું ટુંક સ્વરૂપ.

जीवाजीवौ तथा पुण्यं, पापमाश्रवसंवरौ ॥
बंधो विनिर्जरामोक्षौ नव तत्त्वानितन्मते ॥ १ ॥

**ભાવાર્થ**—ચેતના લક્ષણવાળો જીવ જાણવો અને તેનાથી જે વિપરીત લક્ષણવાળો તે અજીવ જાણવો. તે અજીવના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને પુદ્ગળ આ પાંચ મુખ્ય ભેદો છે. જે પદાર્થો જગત્‌ની અંદર છે, તે સર્વ જીવ અને અજીવની અંદર સમાય છે. જ્ઞાનાદિ, રૂપરસાદિ દ્રવ્ય ગુણ, કર્મ આદિ, દુઃખાદિ ઇત્યાદિ અન્ય મતવાળાઓએ જે તત્વો માનેલાં છે, તેમાંથી કોઇ પણ જીવ અજીવ વિના પોતાના સ્વરૂપને પામી શકતા નથી, કેમકે જીવ અને અજીવથી એકાંત જુદા જોવામાં આવતા નથી. તેમની પ્રતિપત્તિ જીવાજીવ રૂપેજ થાય છે. જીવ અજીવ એ બે રાશીમાં જગત્ સમાય છે. આ બે રાશીમાં જે ન આવે તે શશલાના શૃંગ સમાન જાણવું. આમ છે તો પુણ્ય પાપ આશ્રવાદિનો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ અજીવમાં સમ વેશ થઇ ગયો, માટે જુદાં પાડવાં ન જોઇએ આવી શંકા ન કરવી. કેમકે પુણ્ય પાપાદિકોને કોઇ ન માને તે શંકા ટાળવા માટે જુદા કહેવાની જરૂર છે. પુણ્ય તે શુભ કર્મ પુદ્‌ગળ, અને પાપ તે અશુભ કર્મ પુદ્‌ગળ. આશ્રવ તે પુણ્ય પાપના આગમનનું કારણભૂત-મન,વચન, અને કાયાનો વ્યાપાર, સંવર તે આશ્રવને રોકનાર, બંધ તે કષાયવાળા આત્માનો કર્મોની સાથે મેલાપ વિશેષ, નિર્જરા તે આત્મા સાથે સંબંધીત કર્મનો ક્ષય, મોક્ષ તે સર્વથા પ્રકારે આત્માને લાગેલાં કર્મોથી અલગ થવું. હવે આ નવ તત્વોનો અનુક્રમથી વિસ્તાર કરીને કહીશું.

## આત્માનું લક્ષણ.

तत्र ज्ञानादिधर्मेभ्यो । भिन्नाभिन्नो विवृत्तिमान् ॥
यः कर्ता कर्म जेदानां । जोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाता । सह्यात्मा नान्यलक्षणः ॥ १ ॥

**અર્થ**—તત્ર એટલે તે નવ તત્વોમાં જ્ઞાન, દર્શન,ચારિત્ર,સુખ, દુ:ખ, વીર્ય આદિ ધર્મોથી જીવ ભિન્ન પણ નથી, અને અભિન્ન પણ નથી પણ ભિન્નાભિન્નરૂપે માનેલો છે. જો જ્ઞાનાદિક ધર્મથી જીવ ભિન્નજ હોય તો, હું જાણું છું. હું જોઉં છું, હું કરૂં છું, હું સુખી છું, ઇત્યાદિ અભેદપણે બુદ્ધિ જે થાય છે તે ન થવી જોઇએ, પરંતુ અભેદ બુદ્ધિ તો સર્વને થાય છે અને જો તે પ્રમાણે સર્વથા અભેદજ હોય તો આ ધર્મી છે આ તેના ધર્મો છે, એવી ભેદ બુદ્ધિ ન થવી જોઇએ, અને તેમ થાય છે. અગર જો અભિન્નતા માનીએ તો જ્ઞાનાદિક સર્વ ધર્મોનું ઐક્યપણું થઈ જાય, કેમકે તે જીવથી સર્વથા ભિન્ન નથી, અને જો તેમજ થાય તો મારૂં જ્ઞાન, મારૂં જોવું, ઇત્યાદિ જ્ઞાનાદિની પરસ્પર ભેદની પ્રતીતિ જે થાય છે તે નજ થાય, માટે જીવ, જ્ઞાનાદિધર્મથી ભિન્નાભિન્નજ માનેલો છે આથી સમજવાનું એ છે કે જે મતવાળાઓ એકાંત ભેદજ માને છે તથા જે એકાંત અભેદજ માને છે, તે યુક્તિયુક્તજ નથી, તથા અસત્યમાં સત્ય બુદ્ધિ, સત્યમાં અસત્ય બુદ્ધિ તેમ પોતાનું ખોટું સિદ્ધ કરવાને માટે કુયુક્તિ આદિ કરે, તથા ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, મૈથુન, કલહ આદિ અનેક પ્રકારે જ્ઞાનાવરણીયાદિ કર્મ ભેદોનો કર્ત્તા તથા શુભાશુભ કર્મ ફળોનો ભોક્તા તથા કર્મના વશે કરી નરકાદિ ગતિમાં ગમન કર્ત્તા તથા સમ્યક્‌દર્શન ( સત્યમાં જે સત્ય બુદ્ધિરૂપ શ્રદ્ધાન ) તથા જ્ઞાન તથા ચારિત્ર તે ક્રોધાદિકનો ત્યાગરૂપ રત્નત્રય તેના અભ્યાસે કરી કર્મ મળનો દૂર કરનાર, તે આત્માજ હોય છે.

આ પ્રસંગે આત્માને નહીં માનવાવાળા કહે છે.

**પૂર્વપક્ષ**—આ તમારો આત્મા નિત્ય છે કે અનિત્ય ? નિત્ય કહેશો તો આત્મા સિદ્ધ નહીં થાય, કેમકે નિત્યાત્મા કર્મ ભેદાદિકનો કર્ત્તા બની શકતો નથી. અને માનશો તો લક્ષણ જૂઠું ઠરશે. જુઓ કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वजावत्वं नित्यत्वं ।

**અર્થ**—કોઇ વખતે જેનું નષ્ટપણું નથી તથા કોઇ વખતે જેની ઉત્પત્તિ પણ નથી. છે તેવુંને તેવુંજ સ્થિર એક સ્વભાવરૂપ હોય તેનું નામ નિત્ય છે. તો એ લક્ષણ આત્મામાં કેમ ઘટે ? કારણ કે કોઈ વખત સુખનો ભોક્તા તો કોઈ વખત દુઃખનો ભોક્તા, ઇત્યાદિ નિત્ય પક્ષમાં નહીં બની શકે તેમજ બીજા પણ ઘણા દોષો આવે છે, તે આ પ્રમાણે જન્મમરણાદિક થાય છે તે પણ નહીં થાય, તથા મોટા શરીરમાં મોટો અને નાનામાં નાનો થઇ રહે છે. તે પણ નહીં બની શકે, તથા જ્ઞાનનું ઓછાપણું તેમ અધિકપણું તે પણ નહીં ઘટે.

જો અનિત્ય પક્ષ માનશો તો ક્ષણ ક્ષણમાં વિનાશી માનો છો કે પ્રાણવાયુ નાશાનંતર નાશ માનો છો. જો ક્ષણક્ષણમાં વિનાશી માનતા હશો તો બૌદ્ધ મતમાં પ્રવેશ થશે, અને જો પ્રાણવાયુ નાશાનંતર નાશ માનશો તો અમારો મત સિદ્ધ થયો. અમે પણ ચાર ભૂતથી શરીરમાં ચૈતન્યની ઉત્પત્તિ થઇ માનીએ છીએ, બૃહદારણ્યોપનિષદ્‌માં પણ કહ્યું છે કે—

विज्ञानघन एव एतेज्यो, जूतेज्यः समुत्थाय ।
तान्येवानु विनश्यति, न प्रेत्य संज्ञास्तीति ॥

**અર્થ**—જ્ઞાન સ્વરૂપ આત્માજ પૃથ્વ્યાદિ ચાર ભૂતથી ઉત્પન્ન થાય છે, તે ભૂતના વિનાશ થવાથી જ્ઞાન સ્વરૂપ આત્માનો પણ વિનાશ થાય છે, માટે પરલોક સંજ્ઞા નથી. આ શ્રુતિ પણ આત્મા તથા પરલોકાદિકનો અભાવ સિદ્ધ કરે છે. અને તમોએ પણ પ્રાણવાયુ નાશાનંતર નાશ માનવાથી અમારો મતજ સિદ્ધ કર્યો, માટે આત્માની સિદ્ધિમાં પૂર્વોક્ત જેટલું તમારૂં કહેવું છે તે સર્વ વ્યર્થ છે.

**ઉત્તરપક્ષ**—અમો કેવળ નિત્યપક્ષ તેમજ અનિત્યપક્ષ પણ માનતા નથી, કિંતુ નિત્યાનિત્ય પક્ષ માનીએ છીએ. માટે આત્માની સિદ્ધિમાં તમારો કહેલો એક પણ દોષ આવી શકતો નથી. કેમકે વ્યવહારની અપેક્ષાએ ગમનાગમનાદિ ક્રિયાએ કરી કર્મ ભેદોનો કર્ત્તા છે, અને નિશ્ચયની અપેક્ષાએ ચિદાનંદમય શુદ્ધાત્મા કર્મ ભેદોનો કર્ત્તા નથી. માટે દ્રવ્યની અપેક્ષાએ આત્મા ઉત્પન્ન પણ થતો નથી. તેમ વિનાશ પણ થતો નથી; સ્થિર એક સ્વભાવવાળો છે, તેનો તેજ છે. ફક્ત પર્યાય ( કોઇ વખત વિશેષ જ્ઞાની તો કોઇ વખત ન્યૂન જ્ઞાની ઇત્યાદિ ) ની અપેક્ષાએ અનિત્ય માનીએ છીએ. એ માટે સુખ દુઃખાદિનો ભોગવવાવાળો આ વિશેષણમાં પણ બાધ આવી શકતો નથી. તેમ જન્મમરણાદિકનો અભાવ રૂપં દોષ પણ આવી શકતો નથી. કારણકે જીવ દ્રવ્ય કોઇ કાળમાં વિનાશ પામતું જ નથી; પણ કર્મના સંયોગે પલટણ સ્વભાવવાળું હોવાથી જન્મ મરણાદિમાં બાધ આવી શકતો નથી. લોકો પણ જીવની સાથે પ્રાણના સંયોગ વિયોગનેજ જન્મ મરણ ઉ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પચારથી કહે છે; જેમકે મારૂં શરીર એ ઉપચાર છે. કેમકે વાસ્તવિક રીતે પોતાનું (આત્માનું) નથી, ફકત શરીરની સાથે સંયોગ હોવાથી મારૂં માને છે, તેમ પ્રાણનો સંયોગ અને અને વિયોગ થવાથી જન્મ્યો અને મરી ગયો એમ કહે છે તેમજ સંકોચવિકોચ છે તે પણ કર્મ વિના બની શકતો નથી, અને તે કર્મ ભેદોનો કર્ત્તા પૂર્વે સિદ્ધ કરીને આવ્યા છીએ, માટે એ પણ દૂષણ આવી શકતું નથી. તેમ જ્ઞાનનું અધિકપણું તેમ ઓછાપણું તે પણ કર્માધિનજ છે. કર્મ ઓછાં થવાથી જ્ઞાન વધે છે. અને કર્મ અધિક થવાથી જ્ઞાન ઓછું થાય છે, માટે કહેલા દૂષણોનો અંશ પણ આવી શકતો નથી, તેથી કર્મ ભેદોનો કર્ત્તા સિદ્ધ થયો. તો હવે તેના ફળોનો ભોકતા પણ તેજ હોવો જોઇએ અને તે ભોકતા નિત્ય પણ હોવો જોઇએ. અનિત્યજ માનીએ તો જેણે કર્મ કર્યાં છે તે તો ફળનો ભોકતા નહિજ થાય. તે તો વિનાશ પામી ગયો. માટે બીજો ભોગવનાર સિદ્ધ થયો. એમ થવાથી એકનું કરેલું કર્મ બીજાને ભોગવવું જોઇએ, એમ થવાથી નહીં કરેલું કર્મ પણ ભોગવવામાં આવશે. એમ તો છે નહિ માટે કર્મના વશે કરી પરભવમાં ગમન કર્ત્તા આત્મા અવશ્ય માનવો જોઇએ.

**શંકા**—પ્રથમ કર્મ નથી. તો કર્મ ભેદોનો કર્ત્તા અને તેના ફળનો ભોકતા એવો જીવ કેમ સિદ્ધ થાય ?

**કર્મ સિદ્ધિ.**

**સમાધાન**—મનુષ્યપણે મનુષ્ય સર્વ સરખા છે. તો પણ એક ધનવાન, એક નિર્ધન, એક સુખી, એક દુઃખી ઇત્યાદિક જગતનું વિચિત્રપણું થાય છે. તેનું કારણ કોણ છે ? જો કોઇ કારણ નથી તો સર્વદા છે તેવુંને તેવુંજ હોવું જોઇએ; તેવું નથી માટે કોઈ કારણ અવશ્ય છે. જે કારણ છે, તેજ કર્મ છે. કર્મ તે પણ જીવ વિના બની શકતું નથી. કેમકે જીવવડે કરાય તેનું નામ કર્મ છે તો જીવ તથા કર્મ અવશ્ય માનવાં જોઇએ. અને જો તેમાંથી એક પણ ન માનીએ, તો જગતનું વિચિત્રપણું બની શકશે નહિ. દિન કૃત્યમાં જીવ સ્થાપનાના વિષયમાં કહ્યું છે કેઃ—

## शार्दूल.

क्ष्माभृद्रंककयोर्मनीषिजडयोः सद्रूपनिरूपयोः ।
श्रीमद्दुर्गतयो र्बलाबलवतो र्नीरोगरोगार्त्तयोः ॥
सौभाग्यासुभगत्वसंगमजुषस्तुल्येपि नृत्वेऽन्तरं ।
यत्तत्कर्मनिबंधनं तदपि नो, जीवं विना युक्तिमत् ॥ १ ॥

**અર્થ**—રાજા અને રંકમાં, પંડિત અને મૂર્ખમાં, રૂપવંત અને નિરૂપમાં, ધનવંત અને નિર્ધનમાં, બળવંત અને નિર્બળમાં, રોગી અને નિરોગીમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાભાગ્ય અને દુર્ભાગ્યમાં જો કે મનુષ્યપણું સરખું છે, તો **પણ એટલો** આંતરો છે તેનું કારણ જે છે તેજ કર્મ. કર્મ પણ **જીવ** વિના **બની શકતું નથી.** તેમજ કર્મ સિદ્ધિને માટે ધર્મ સંગ્રહણીમાં પણ **કહ્યું છે કેઃ—**

**आत्मत्वेनाविशिष्टस्य, वैचित्र्यं तस्य यद्वशात् ॥**
**नरादिरूपं तच्चित्र, मदृष्टं कर्मसंज्ञितं ॥ १ ॥**

**અર્થ**—આત્માપણે સર્વ જીવ **સરખા છે. તો પણ મનુષ્ય,** પશુ આદિ જે વિચિત્ર દશા થાય છે, તે અદૃષ્ટાધિનજ **છે. લોકો જેને કર્મ સંજ્ઞા** કહે છે. પુરાણમાં પણ કર્મ સિદ્ધિ માટે કહ્યું છે કેઃ—

**यथा यथा पूर्वं कृतस्य कर्मणः, फलं निधानस्थमिवावतिष्ठते,**
**तथा तथा तत्प्रतिपादनोद्यता प्रदीपहस्तेव मतिः प्रवर्तते ॥ १ ॥**
**यद् यद् पुरा कृतं कर्म, न स्मरंतीह मानवाः ॥**
**तदिदं पांडवश्रेष्ठ दैवमित्यभिधीयते ॥ २ ॥**
**मुदितान्यपि मित्राणि, सुक्रुद्धाश्चैव शत्रवः ॥**
**न हि तेतत्करिष्यंति, यन्नपूर्वकृतं त्वया ॥ ३ ॥**

**અર્થ**--જેવી જેવી રીતે પૂર્વ ભવમાં અથવા પૂર્વ કાળમાં કરેલાં છે તેનાં ફળ ખજાનામાં રાખેલા ધનની પેઠે મળી શકે છે.

ઉદાહરણ—જેમ હાથમાં દીવો હોય છે તે ચાલતાં આગળ આગળના પદાર્થોને જણાવે છે, તેજ પ્રમાણે જેવાં જેવાં કર્મ કર્યાં છે તેના અનુસારેજ મતિ પ્રવર્તે છે. અને વચનોના ઉચ્ચાર પણ તેવા પ્રકારથીજ થાય છે. હે પાંડવ શ્રેષ્ટ, (યુદ્ધિષ્ઠિર) જે જે કર્મો પૂર્વે કરેલાં તે તે કર્મોનું અત્રે સ્મરણ કરતા નથી તો પણ આવીને તે નડે છે તેને લોકો દૈવ કહે છે. હર્ષ પામેલા મિત્રો તેમ અત્યંત ક્રોધાયમાન થએલા શત્રુઓ જીવોને કાંઇ પણ કરવાને સમર્થ નથી; કેમકે પૂર્વે શુભાશુભ કર્મ કર્યું જ નથી તો તે મિત્ર અને શત્રુઓ શું કરવાના છે? ૩ બૌદ્ધમતમાં પણ કર્મના વિષયમાં કહ્યું છે કે—

**इत एकनवतौ कल्पे, शक्त्या मे पुरुषो हतः ।**
**तेन कर्मविपाकेन, पादे विध्धोस्मि भिक्षवः ॥१॥**

**અર્થ**—આજથી નેવ્યાસીમાં કલ્પમાં મ્હારી શકિતએ પુરૂષ હણ્યો. તે કર્મના વિપાકે કરી હે સાધુઓ, હું પગમાં કાંટાએ કરી વિંધાયો છું. ઇત્યાદિ. સર્વ મતવાળા કર્મને માને છે તો કર્મનો કર્તા કોઇ પણ માનવોજ પડશે. જે કર્ત્તા છે તેજ જીવ છે; કોઇક તે જીવ પહેલો અને કર્મ પછી માને છે. કોઇક કર્મ પહેલાં ને પછી જીવ, અને કોઇ બે સાથે ઉત્પન્ન થયાં એમ પણ માને છે. ઈત્યાદિક અને-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક ભેદો છે. તેનો અને કર્મના સ્વરૂપનો વિસ્તાર અલ્પ સમય હોવાથી લખ્યો નથી પણ આવશ્યક તથા પંચ સંગ્રહ, કર્મ પ્રકૃતિ, તત્વાર્થ સૂત્રાદિક મહાન ગ્રંથો સાંભળવાથી માલૂમ પડશે. ઇતિ નિત્યપક્ષ.

અનિત્ય પક્ષમાં આપેલા દોષો પણ સર્વથા આવી શકતા નથી. કેમકે આત્મ દ્રવ્ય નિત્ય હોવાથી તે દોષોનો સંભવજ નથી. તમોએ કહ્યું

**ચાર ભૂતથી ચૈતન્યોત્પતિનો વિચાર.**

જે ચાર ભૂતથી ચૈતન્યરૂપ આત્મા ઉત્પન્ન થાય છે, તે પણ યુક્તિયુકત નથી. તે આ પ્રમાણે જો તમો ચૈતન્યરૂપ આત્મા ઉત્પન્ન થયો માનશો, તો મૃત શરીરમાં ચૈતન્યરૂપ આત્મા કેમ નથી ? માટે મૃત શરીરમાં વ્યભિચારરૂપ દોષ આવશે. વિશ્વનાથ પંચાનને બનાવેલી કારિકાવલીમાં પણ કહ્યું છે.

॥ शरीरस्य न चैतन्यं मृतेषु व्यभिचारतः ॥

**અર્થ**—શરીરને ચૈતન્યરૂપ આત્મા માનીએ તો મૃત શરીરમાં કેમ ચૈતન્ય રૂપ આત્મા નથી ? તેમાં શું ભૂતનો અભાવ થઇ ગયો કે જેથી ચૈતન્ય નથી ? માટે મૃતક શરીરમાં વ્યભિચારરૂપ દોષ આવે છે [ પ્રશ્ન ] નૈયાયિક મતમાં મુકત આત્મામાં જ્ઞાનાભાવ છે તેમ મૃતક શરીરમાં પણ પ્રાણાભાવ હોવાથી જ્ઞાનનો અભાવ માનીએ છીએ. અથવા નૈયાયિક મતમાં આત્મા સર્વવ્યાપી છે; છતાં મૃતક શરીરમાં જ્ઞાનાભાવ માને છે તેમ અમારા મતમાં પણ મૃતક શરીરમાં જ્ઞાનાભાવનો શું બાધ આવે છે ? [ઉત્તર] તમે જે મુકત આત્મામાં જ્ઞાનાભાવ કહ્યો, તે તો નૈયાયિક મતવાળાને લાગુ પડે છે. અમો તો મુક્ત આત્મામાં જ્ઞાન માનીએ છીએ, તથા આત્મા સર્વ વ્યાપી છે, ઇત્યાદિ. જે દૂષણ કહ્યું તે દૂષણ પણ નૈયાયિકનેજ છે. કેમકે અમો તો સર્વવ્યાપી આત્મા માનતા નથી, કિંતુ દેહવ્યાપી માનીએ છીએ. દેહવ્યાપિ પક્ષમાં એ દોષ આવી શકતો નથી.

**પ્રાણાભાવનો વિચાર.**

પ્રાણાભાવ એટલે શું સામાન્ય વાયુ કહો છો કે વાયુ વિશેષ કહો છો ? જો સામાન્ય વાયુ કહેતા હો તો સર્વ પોલાણમાં વાયુ છે, માટે મૃતક શરીરમાં પણ વાયુ છે, તેથી ત્યાં જ્ઞાન હોવું જોઇએ. અને જો વાયુ વિશેષ કહેતા હો, તો વાયુ વિશેષ શું પદાર્થ છે ? જો જ્ઞાનના આધારનેજ પ્રાણ વાયુ કહેતા હો, તો તે આત્માજ છે, ને જો પ્રાણવાયુ એ બેથી અતિરિકત કહેશો તો તેની ઉત્પત્તિનું કારણ કોણ ? અદૃષ્ટ કહેશો તો તે અદૃષ્ટનો કર્ત્તા કોણ ? કર્ત્તા વિના અદૃષ્ટ બની શકે નહીં, તે પૂર્વે કહી આવ્યા છીએ. જે અદૃષ્ટનો કર્ત્તા છે, તેજ આત્મા છે.

તથા શરીરને ચૈતન્ય માનવાથી બાલ્ય અવસ્થામાં જોએલી વસ્તુનું સ્મરણ વૃદ્ધ અવસ્થામાં ન થવું જોઇએ, કારણ કે—શરીરના અવયવો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્મરણાભાવનો વિચાર.**

માં વૃદ્ધિ હાનિ થાય છે તેમ થવાથી પૂર્વ શરીરરૂપ આત્માનો વિનાશ થયો અને ઉત્તર શરીરરૂપ આત્મા ઉત્પન્ન થયો. માટે બાલ્ય શરીરરૂપ આત્મા વૃદ્ધ શરીરરૂપ આત્માથી ભિન્ન ગણાય તેમ ગણવાથી પૂર્વનું સ્મરણ ન થવું જોઇએ. કારણ કે અનુભવ તો કર્યો બીજાએ અને સ્મરણ કર્યું બીજાએ એ કેમ ઘટે? માટે તમારૂં કહેવું યુક્તિયુક્ત નથી.

**સ્તનપાનની અનુપપાત્તનો વિચાર.**

તથા જો શરીરરૂપ આત્મા માનશો તો બાળકને જન્મની સાથે સ્તનપાન કરવામાં પ્રવૃત્તિ થાય છે તે પ્રવૃત્તિ પણ નહીં થાય, કારણ કે સ્તનપાન પ્રવૃત્તિમાં મુખ્ય કારણ પૂર્વનો અભ્યાસ જ છે, શરીરરૂપ આત્મામાનવાથી પૂર્વનો અભ્યાસ બની શકતો નથી; શરીરથી ભિન્ન આત્મા માનીએ તોજ બની શકે.

**ભૂતમાં ચૈતન્યોપપત્તિનો વિચાર.**

તથા તમો જે ચાર ભૂતના સમુદાયરૂપ શરીરમાં ચૈતન્ય માનો છો, તેમાં પુછવાનું કે ચાર ભૂતમાં પૃથક પૃથક ચૈતન્ય માનો છો કે સમુદાયમાં ચૈતન્ય માનો છો? જો જુદા જુદામાં ચૈતન્ય માનતા હો તો એક શરીરમાં ઘણાં ચૈતન્ય થવાં જોઇએ, તેમ માનવાથી પ્રત્યક્ષ બાધ છે; અને જો સમુદાયમાં માનતા હો, તો એક અંગુલીના છેદવાથી ચૈતન્ય પણ નષ્ટ થશે, અને એમ જો નહીં માનો તો મસ્તક છેદવાથી પણ ચૈતન્ય નષ્ટ નહીં થવું જોઇએ. માટે શરીર થકી આત્મા જુદોજ છે. તથા જો શરીરને ચૈતન્ય માનશો તો શરીર વધવાથી જ્ઞાન વધવું જોઇએ; પરંતુ એમ થતું નથી.

**શરીર વધવાથી જ્ઞાનવૃદ્ધિનો વિચાર.**

**શંકા.** શરીર વધવાથી જ્ઞાન વધે છે. જુઓ કે છોકરાંઓનું શરીર જેમ જેમ વધે છે તેમ તેમ છોકરાઓની બુદ્ધિ વધે છે. માટે શરીર છે તેજ આત્મા છે. **સમાધાન.** શરીર વધ્યાથી જ્ઞાન વધ્યું માનશો તો સ્થૂળ શરીરવાળાને જ્ઞાન ઘણું હોવું જોઇએ પણ તેમ તો નથી. ઘણા સ્થૂળ શરીરવાળા મૂર્ખ પણ જોવામા આવે છે, તથા તમારા મત પ્રમાણે કૃશ શરીરવાળાને જ્ઞાન થોડું હોવું જોઇએ છતાં કેટલાક કૃશ શરીરવાળા ઘણા વિદ્વાન જોવામાં આવે છે. માટે શરીર વધવાથી જ્ઞાન વધતું નથી તેમ શરીર ઘટવાથી જ્ઞાન ઘટતું પણ નથી. ફકત કર્મના ન્યૂનાધિકપણાથી જ્ઞાનમાં વૃદ્ધિ હાનિ થાય છે. તે પૂર્વે સિદ્ધ કરી ગયા છીએ.

**विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः ॥**
**समुत्थाय तान्येवानुविनस्यंतिनप्रेत्यं संज्ञास्ति ॥**

એ શ્રુતિ પણ આત્માનેજ સિદ્ધ કરનારી છે. પક્ષપાત છોડી વિચાર કરશો તો તમોને પણ માલુમ પડશે; જુઓ કે "विज्ञान घन" એટલે જ્ઞાન સ્વરૂપ આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્મા તે આ ઘટપટાદિ જે ભૂતોના વિકારો છે, તેના થકી ઉપયોગરૂપ આત્મા ઉત્પન્ન થાય, અને ઘટપટાદિના નષ્ટ થવાથી અથવા તિરોહિત થવાથી ઉપયોગ સ્વરૂપ જે આત્મા તે નષ્ટ થયો, અર્થાત્ ઘટપટાદિ ઉપયોગરૂપ પૂર્વની સંજ્ઞા નથી. પણ આત્માનો સર્વથા વિનાશ થતો નથી.

હું ઘટને જાણું છું. હું સુખને અનુભવું છું ઈત્યાદિમાં જે હું પદને જ્ઞાન કર્તૃતા છે, તેજ આત્મા છે. **શંકા**–જેમ હું સ્થુળછું, હું કૃશછું એ પ્રત્યયમાં જેમ શરીરને કર્તૃતા છે તેમ હું ઘટને જાણું છું ઇત્યાદિ પ્રત્યયોમાં પણ શરીરને જ્ઞાન કર્તૃતા છે. **સમાધાન**. હું સ્થુળ છું, હું કૃશ છું, એ પ્રત્યયમાં જો કે શરીર સ્થુળ તેમ કૃશ હોય છે તો પણ હું પ્રત્યય થાય છે તે તો જેમ અત્યંત ઉપકારી પોતાનો મિત્ર હોય તેમાં એકત્વપણાની બુદ્ધિ રાખી. બોલે કે તું છે તેજ હું છું, હું છું તેજ તું છે માટે આપણે બે એકજ છીએ તે શું એકજ છે? અર્થાત્ નથી. પરંતુ પોતાનો ઉપકારી હોવાથી હું પણાનો ઉપચાર મિત્રમાં કરે છે. તેમ આત્માને શરીર પણ ધર્મ સાધનાદિમાં અત્યંત ઉપકારી હોવાથી મારાપણાનો ઉપચાર કરી કહે છે કે હું સ્થુળ છું, હું કૃશ છું. પરંતુ હું પ્રત્યય વાસ્તવિક રીતે શરીરમાં થતો નથી. તેથીજ મારૂં આ શરીર છે આવો પ્રત્યય શરીરથી જુદો થાય છે.

અજીવ શબ્દ છે તે પ્રતિપક્ષ શબ્દવાળો છે. કારણ કે વ્યુત્પત્તિવાળા એક પદનો નિષેધ કરે છે. જે જે શબ્દ વ્યુત્પત્તિવાળા એકેક શબ્દનો નિષેધ કરે છે, તે તે શબ્દનો અવસ્ય પ્રતિપક્ષ શબ્દ હોવો જોઈએ. જેમ અઘટ શબ્દનો પ્રતિપક્ષ ઘટ શબ્દ છે. તો તે શું ઘટ નથી. અર્થાત્ અવશ્ય ઘટ છે. તેમ અજીવ શબ્દનો પ્રતિપક્ષી જીવ શબ્દ છે તો જીવ પણ અવશ્ય હોવોજ જોઇએ,

તથા અભાવ પણ [૧]પ્રતિયોગી વિના બની શકતો નથી જેમ ઘટાભાવ તે પણ ઘટરૂપ પ્રતિયોગી વિના બની શકતો નથી તેમ જીવનો અભાવ પણ જીવરૂપ પ્રતિયોગી વિના બની શકતો નથી.

તથા જે જે એક પદ હોય છે તે તે સત્ય હોય છે. જેમ ઘટ, સુખ, દુઃખ આદિ અને જે જે એક પદ હોતું નથી તે સત્ય ન પણ હોય; જેમ આકાશ પુષ્પ; માટે જે જે એક પદ હોય તે સત્ય હોય છે. તો જીવ પણ એક પદજ છે માટે જીવ અવશ્ય હોવો જોઇએ. એવી રીતે અહં સુખી, અહં દુઃખી, ઇત્યાદિ જે કહેવાય છે, તેમાં અહંપદ છે તેજ આત્મા છે ઇત્યાદિ આ વિષયમાં ઘણુંજ કહેવાનું છે પરંતુ અલ્પ સમય હોવાથી કહ્યું નથી. હવે પછી વિસ્તારથી નાસ્તિક, નૈયાયિક, બૌદ્ધ, સાંખ્ય, વેદાન્તિક આદિ મતવાળાઓએ માનેલું આત્માનું સ્વરૂપ તથા જૈન મતમાં માનેલું આત્મસ્વરૂપ તથા પરલોક સિદ્ધિ. ત્યારબાદ બીજા તત્વોનો વિચાર તદનંતર જૈન રાજાઓના બે વિભાગ વિગેરે ક્રમથી આગળ ઉપર જણાવવામાં આવશે.

---

૧ यो यस्याभावः सप्रतियोगी, प्रतियोगिनं विना निषेधानुपपत्तेः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## भावाद्धर्मः

( લેખક મુનિ મણિવિજયજી મુ. લુણાવાડા. )

**ભાવ**—ઉત્તમ ભાવ એટલે ભાવના—અર્થાત્ મનની શુદ્ધિ વિશેષેથી ( એટલે મનની શુદ્ધિ થકી ) આરાધન કરેલો ધર્મ શીઘ્રતાથી ફલદાયક થાય છે.

મનની શુદ્ધિ સતે અવિદ્યમાન ગુણો પણ વિદ્યમાનપણાને પામે છે અને મનની શુદ્ધિના અભાવે પ્રથમના ગુણો હોય છે તે પણ નાશપણાને પામે છે ( અર્થાત્ ગુણો નિર્ગુણીપણાને પામે છે. ) માટે પંડિત જનોએ મનની શુદ્ધિ કરવી તેજ ઉત્તમછે. કારણ કે મનની શુદ્ધિ વિના તપ, જપ, વ્રત, પ્રત્યાખ્યાન,ક્રિયા અનુષ્ઠાન સર્વે વૃથા કહેલા છે; કહ્યું છે કેઃ—

### यतः

मनः शुद्धिम बिभ्राणा, ये तपस्यंति मुक्तये,
त्यक्त्वानावं भुजाभ्यां ते, तितीर्षंति महार्णवं. ॥ १ ॥

**ભાવાર્થ**—મનની શુદ્ધિને ત્યાગ કરીને જે મુકિતને માટે તપસ્યા કરે છે તે નાવને ત્યાગ કરીને બે હાથ વડે કરી સમુદ્રને તરી જવાની ઇચ્છા કરે છે. જેમ નાવ વિના હાથ વડે કરી સમુદ્ર તરી શકાતો નથી, તેમ મનની શુદ્ધિ વિના ગમે તેટલી તપસ્યા કરે તો પણ મુક્તિ મળવાની નથી, કારણ કે કોઇ તપસ્યા કરે અથવા ન કરે તો પણ ભાવ વિના કોઈ પણ કાળે સિદ્ધિ થવાની નથી.

કોઇ માણસ ધ્યાન કરવા માટે કદાચ ઉદ્યમ કરે, પરંતુ જ્યાંસુધી મન શુદ્ધિ નથી, ત્યાંસુધી ધ્યાન પણ કામનું નથી; જેમ ચક્ષુહીનને દર્પણ કાંઇ પણ કામનું નથી તથા બહેરા માણસને વાજીંત્ર ગીત ગાન કામના નથી તેમજ મન શુદ્ધિ વિનાના માણસને ધ્યાનાદિક કાંઇ પણ કામનાં નથી. તેજ કારણથી પ્રથમ મનશુદ્ધિ કરવાની ખાસ જરૂર છે, માટે મુક્તિની ઇચ્છા કરનારે પ્રથમ અવશ્ય મન શુદ્ધિ કરવી જોઇયે. મનશુદ્ધિ વિના કદાચ કાય કષ્ટ કરે તો તેને વિષે કલ્યાણનો ગંધ માત્ર પણ ઉત્પન્ન થતો નથી, જેથી આત્મહિત ઇચ્છવાવાળા મનુષ્યોને મન શુદ્ધિ કરવાની જરૂર છે અને મનની શુદ્ધિથીજ ભાવશુદ્ધિ થાય છે. વળી ભાવ એટલે સોપયોગીપણું અર્થાત્ ધર્મકરણિ કરનાર જો ઉપયોગ સહિત ધર્મકરણી કરે તો તેને વિશેષે કરી લાભ છે.

ધર્મ પણ બે પ્રકારના છે. તેમાં દ્રવ્ય ( ધર્મ ) જે છે તે તો બહુ ભવોને વિષે આ જીવોએ અનેક પ્રકારે સેવેલો છે, તથાપિ કર્મમલને દૂર કરી મુક્તિ આપવા સમર્થમાન થયો નહિ, અર્થાત્ દ્રવ્ય ધર્મ મુકિત આપતો નથી, પરંતુ ભાવધર્મજ, મુકિતને આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમકે કોઇ નગરને વિષે ગુરૂ મહારાજ એકદા પ્રતિક્રમણ કરવાને બેઠા તેમાં હજારો શ્રાવકો પણ પ્રતિક્રમણ કરતા હતા. તેમાં શ્રુત અને ક્ષેત્ર દેવતાની સ્તુતિને ગુરૂ મહારાજે વિપર્યાસ કહેવાથી બે શ્રાવકોએ સમ્યક્ પ્રકારે સ્મરણ કરાવ્યું તેથી તે પ્રતિક્રમણને વિષે તે બન્નેનેજ ધર્મ પ્રાપ્ત થયો કારણ કે એક ચિત્તે પ્રતિક્રમણ કરનારનેજ લાભ મળે છે, પરંતુ વ્યાક્ષિપ્તચિત્તે ધર્મકરણી કરનારને લાભ મળતો નથી.

**વિવેચન**— આધુનીક સમયને વિષે પ્રાયઃ કરી ઘણા શહેરો તથા ગામોમાં શ્રાવક શ્રાવિકાઓ સામાયક પ્રતિક્રમણ કરવા માટે ઉપાશ્રયે જાય છે. જો કે ગયા છે તો તેઓ ધર્મ કર્મ કરવા પરંતુ ધર્મ કર્મ ભુલી જઇ પાંચ પચાસ સો બસોના ટોળા ભલી નિદ્રા વિકથા તેમજ એક બીજાના મર્મસ્થાન ભેદી નાખે તેવા કામ લઇ બેસે ને પ્રતિક્રમણના પુન્યને છોડી નિંદા વિકથાથી ઝગડા જગાવી તેનું પાપ લઇ ઘરે જાય છે અને ધર્મકરણીને બદલે પાપકર્મ કરી બિચારાં રાંકડા જીવો કેવળ ભવવૃદ્ધિજ કરે છે. પરને વિષે પ્રવેશ કરવાથી બિચારા પોતાનું ભુલી જઇ સંસાર ચક્રવાલને વિષે પરિભ્રમણ કર્યા કરે છે પણ કદાપિ કાળે તેઓનો છુટકબારો થતો નથી. વળી આવી રીતે દ્રવ્યધર્મ તો તેને સુર્લભ છે. પરંતુ ધર્મ તો સ્વલ્પ—લગાર માત્ર કરવો તે મહા દુર્લભ છે માટે ભાવ વિનાની કરેલી તમામ ધર્મકરણી નિષ્ફળપણાને પામે છે આટલું કહેવાથી હાલની કરણીને તદન ઉખેવી મુકવાની નથી પણ ઉપયોગ પૂર્વક હું શામાટે આવેલ ને કયે રસ્તે જાઉં છું વિગેરે વિચાર કરવાની જરૂર છે. પરંતુ સર્વથા પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરવાજ નહી આવો અભિપ્રાય ન સમજવો. પ્રથમ કહેલા વિચારથી જ ક્રિયા સફળ થવા સંભવ છે કહ્યું છે કે—

**यदुक्तं आवश्यके प्रतिक्रमण संग्रहिण्यां ॥**
**मिच्छत्ताइ नगच्छइ, नयगच्छावेइ नाणुजाणेइ,**
**जंमणवयकाएहिं, तंभणिअं भावपडिकमणं, ॥ ३ ॥**

**ભાવાર્થ**—જે પ્રાણિ મન વચન કાયાના યોગને એકત્ર કરી મિથ્યાત્વનું સેવન કરે નહિ, કરાવે નહિ, તેમજ કરતાને અનુમોદે નહિ તેનેજ ભાવ પ્રતિક્રમણ કહેલું છે.

**વિવેચન**—કુદેવ, કુગુરૂ અને કુધર્મને પોતાના અંતઃકરણમાં છુપી રીતે ધારણ કરી લોકોને દેખાડવા માટે સ્વધર્મને ઉપલા ડોળથી કરનારા પ્રાણીયો ઘણાજ જોવામાં આવે છે, અને પરધર્મને બહુજ માનથી આદરમાન આપી પૂજે છે. સુદેવ સુગુરૂ સુધર્મરૂપ સમ્યકત્વનું વમન કરી એટલે સમ્યકત્વને ત્યાગ કરી સ્ત્રી, પુત્ર, લક્ષ્મીની આશા માટે, તેમજ અરસપરસ વશીકરણ માટે માન મેળવવા માટે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોમાં વાહ વાહ કહેવરાવવા માટે મિથ્યાત્વનું સેવન કરે છે. લક્ષ્મી તેમજ સ્ત્રી, પુત્રને માટે અનેક દેવ દેવીઓ તેમજ ભરડા, ભગતડા, લિંગિયા, જોગીયા, તાપસો, જટાધારી, નગ્ન તથા ભુવા વેરાગીયો ઢોંગી ધુતારાઓને તેમજ જેને વિષે મહા હિંસા રહેલી છે એવા અસત્ય દેવગુરૂ ધર્મને વિષે તેમજ કુદેવ, કુગુરૂ, કુધર્મ ને સત્યતાવાળા માની તેને માને, પુજે છે સ્તવે, તેના ગુણગાન કરે છે કેવળ પાપમય ધર્મનું આરાધન કરે છે અને ઉપરલી મિથ્યાત્વની જૂઠી ક્રિયાને પણ સાચી માનીને કરતા છતાં ઉપરલા ડોળથી લોકોને દેખાડવા જે સ્વધર્મ ક્રિયા કરે છે તે દ્રવ્ય ધર્મ કહેવાય છે, વળી પણ કહ્યું છે કે

यदुक्तं प्रत्याख्या न निर्युक्त्यां प्रत्याख्यान अधिकारे
रागेण व दोसेणव, परिणामेण नदूसिअंजंतु,
तंखलु पच्चक्खाणं, भावविशुध्धं मुणेअव्वं, ॥ १ ॥

ભાવાર્થ:—રાગદ્વેષના પરિણામ વડે કરી નહિ દૂષણને પામેલા એવા પ્રાણીઓ જે પ્રત્યાખ્યાન કરે તેજ ભાવ વિશુદ્ધ પ્રતિક્રમણ જાણવું. માટે સર્વ પ્રકારે સર્વથા સર્વ ધર્મ છે તે ભાવ ધર્મજ પ્રધાન અને પ્રમાણિક ગણાય છે, કહ્યુ છે કે

यतः

निचुन्नो तंबोलो, पासेणविणा न होइ जहरंगो,
तहदाण सीलतवणाउ, अहलाउ भाव विणा.

ભાવાર્થ:—જેમ ચુના વિનાનો તંબોલ જે સ્પર્શ કર્યા વિના એટલે તંબોલ તથા ચુનો એક મેક કર્યા વિના રંગ થતો નથી, તેમજ દાન, શીયલ, તપ વિગેરે જે છે તે ભાવના વિના સર્વથા અફળ કહેતા નિષ્ફળ જાણવા, માટે ભાવના છે તેજ ઉત્તમ છે કારણ કે કહ્યું છે કે

भावना भवनाशिनी.

ભાવાર્થ:—ભાવના ભવને નાશ કરવાવાળી છે, ત્યાગીયો તેમજ સંસારીયોને વિષે જો ભાવના હશે તોજ તેનો ભવો નાશ થવાના છે, પણ ભાવ વિના કદાપિ કોટી કાળે પણ પ્રાણીયોની સિદ્ધિ થવાની નથી. માટે ભાવ તેજ ઉત્તમ છે.

આવો ભાવ પણ મરૂદેવા માતા તથા ભરત ચક્રવર્ત્તિના પેઠે કોઇ કોઈ જીવોને વૈરાગ્ય તેમજ જ્ઞાનનો હેતુ ભૂત થાય છે.

भरतचक्रवर्ति दृष्टांतो यथा

यतः

आयंसघरपवेसो, भरहेपडणंच अंगुलीअस्स,
सेसाणं उम्मुअणं, संवेगो नाण दिक्खाय, ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:—ભરત મહારાજને આદર્શગૃહે સ્ફટિકરત્ન રચિત સુંદર આરિસા ભુવનમાં પ્રવેશ કરવો, મુખાદિક શરીર તથા અવયવોનું અવલોકન કરવું હસ્ત થકી વીંટીનું નીચે પડવું તેવીજ રીતે આ ભૂષણોને ત્યાગ કરવો, સંવેગ રંગ વૈરાગ્ય પ્રાપ્ત થવો, ભાવના વૃદ્ધિ પામવી તથા ક્ષપક શ્રેણિ ઉપર આરોહણ થવું તથા કેવળજ્ઞાન પ્રાપ્ત થવું દેવતાઓને આવી સાધુ વેષ આપવો તેને ગ્રહણ કરી દિક્ષા અંગીકાર કરવી. આ સર્વ કેવળ ભાવનોજ પ્રતાપ છે.

**દ્રષ્ટાંત**—ભગવાન્ શ્રીમાન્ રીષભદેવસ્વામી નિર્વાણ પામ્યા પછી ત્યાં ચૈત્ય કરાવી ભરત મહારાજા અયોધ્યાને વિષે ગયા અને અલ્પકામી થયા. ત્યારબાદ અનુક્રમે ફરીથી પણ ભરત મહારાજ રાજભોગને વિષે આસક્ત બરાબર થયા છે. સંસાર એટલે ભવ જે છે તે એવોજ છે, પૂર્વના પેઠે એવી રીતે ભોગભોગવતાં પાંચ લાખ પૂર્વ વ્યતીત થયા. અન્યદા સર્વ શરીરને વિવિધ પ્રકારના આભૂષણો તેમજ વસ્ત્રાલંકાર વડે સુશોભિત કરી સુંદર શોભા દેખાવા ભરત મહારાજ આરિસાભુવનમાં ગયા ત્યાં શરીરની સુંદરતા જોઇ શૃંગાર તથા રૂપાદિકને જોતા જોતા આંગળીમાંથી વીંટી પડી ગઇ, તેથી અંગુલી નિસ્તેજ શોભા વિનાની દેખી વિચાર કરવા લાગ્યા કે, આભૂષણોથીજ આ મહારૂં શરીર શોભે છે કે શરીર પોતાના રૂપના સ્વાભાવિકપણાથી શોભે છે એમ ચિંતવના કરતા એકેક આભૂષણોને અનુક્રમે ભરત મહારાજાએ ઉતાર્યાં તેથી કમળોને છેદી નાખવાથી સરોવર જેમ શોભા વિનાનું થઇ જાય તેમ પોતાનું શરીર શોભા વિનાનું દેખી, વૈરાગ્ય રંગ રાગ ગાઢ પ્રગટ થયો. ભાવના આરૂઢ થયા. અને શુકલ ધ્યાનની પ્રાપ્તિને પામી કેવળજ્ઞાન પામ્યા. એટલે શુભ ભાવનાથી ગ્રહસ્થના વેષમાંજ ભરત મહારાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તત્કાળ ભરત મહારાજે પંચમુષ્ટિક લોચ કર્યો તથા ઇંદ્રમહારાજે આપેલો સાધુવેષ ગ્રહણ કરી દશ હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. અને બીજા પણ એક હજાર સભાસદોએ દિક્ષા અંગીકાર કરી. ત્યારબાદ કેવળજ્ઞાનનો મહિમા કરી વંદના સ્તવના કરી ઇંદ્રમહારાજાદિ દેવતા સ્વસ્થાને ગયા. ભરતમહાજા પણ એકલક્ષ પૂર્વ કેવલીપણે વિચરી નિર્વાણને પામ્યા. ઇંદ્રમહારાજે પણ અષ્ટયુગ કહેતા આઠ પાટ સુધી એવીજ રીતે સેવના કરી એટલે ભરત મહારાજા જેમ અરિસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા, તેવીજ રીતે તેમની આઠ પાટ સુધી પરંપરાના રાજાઓએ આરિસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ઇંદ્રમહારાજે પણ આઠ પાટ સુધી કેવલીયોનો મહિમા કર્યો.

**इति भावे भरतचक्रवर्त्ति संबंधः संपूर्णः**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીજૈન શ્વેતામ્બર કોનફરન્સનું બંધારણ અને તેને લોકપ્રીય કરવા તેના નેતાઓએ શું ઉપાયો યોજવા જોઇએ.

( નરોતમદાસ—બી. શાહ—ધોલેરા. )

આપણી જઈન શ્વેતામ્બર કોનફ્રન્સની નવમી બેઠક સુજાનગઢ ખાતે ભરાયા પછી તેના હિત ચાહનારાઓએ ભવિષ્યમાં કેમ કામ કરવું તે સબંધી હાલમાં જાહેર વર્તમાન પત્રો માર્ફતે કેટલાક સવાલો ઉપસ્થિત કર્યાં છે. આપણી સમસ્ત કોમની આબાદી માટે કોનફરન્સ જેવા મંડળની જરૂરીઆત છે કે નહિ તે માટે ભાગ્યેજ બે-મત હોઇ શકે. કારણ કે તેની હૈયાતીથી, જુદા જુદા સવાલો જેની સાથે કોમના હિતનો ઉંડો લાભ સમાયેલ છે તે વિષે કોમના વિચાર કેળવવા, અને કોમની ઉન્નતિ માટે કઇ દિશાએ અને કેવા પ્રકારના સુધારાની આવશ્યકતા છે તે કોમની દરેક વ્યકતીને દેખાડી તેના ઉપાયો યોજવા તે સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે. આ તો ખુલ્લી હકીકત છે કે જે કામ જુદી જુદી વ્યકતીઓ તરફથી જુદી જુદી રીતે કરવામાં આવે તેના કરતાં એકત્ર થએલા વ્યક્તીઓના મંડળથી જો કરવામાં આવે તો વધુ કાર્યસાધક પરિણામ આવી શકે અને આપણી કોમને વધુ લાભકારક રીતે અને જલદીથી ફાયદો મેળવી શકાય છે અને એજ લક્ષ્યબીંદુ ી જો કોનફરન્સના કાર્યવાહકો કોઇ પણ કાર્ય હાથ ધરે તો ખરેખર આવા મંડળની સ્થાપના અને હસ્તીનો મૂળ હેતુ સચવાય એ નિર્વિવાદ વાત છે. આજ કેટલોક વખત થયાં આપણી કોમના કોઇ પણ લોકપ્રિય નીયમીત બંધારણવાળા ખાતાની ગેરહાજરીને લીધે પોતાની મરજી મુજબ જેમ જેને ફાવે તેમ પોતાના વિચારો ફેલાવા દરેક વ્યકતી એવી રીતે ગુલતાન થઇ રહી છે કે આ સઘળા પરમાણુઓને એકજ દિશામાં ભેગા કરવાનું કામ કોનફરન્સના કાર્યકર્તાઓ માટે કેટલું મહત્વનું અને વિશાળ વિસ્તારવાળું છે, તે સમજવાની ખાસ આવશ્યકતા છે, તેમજ કેટલું જોખમવાળું છે તે તેના સુકાનીઓ જેઓને અનુભવ થએલ છે, તેઓજ જાણી શકે છે. આ ઉપરથી જણાવવાનું કે આ મહાભારત કામ સારૂ કોમના કેળવાએલ અને શ્રીમંત હિતેચ્છુઓનું જોરાવર અને વગવાળું બંધારણ કરવાની ખાસ જરૂરીઆત છે. કોનફરન્સનું ખાતું ફક્ત વીચારો ફેલાવવા સારૂજ હયાતી ધરાવતું હોય તો તે કાંઇ જોઇએ તેટલું ઉપયોગી ભાગ્યેજ ગણી શકાય. કારણ કે જ્યાંસુધી વ્યવહારીક દ્રષ્ટીથી કોમના લાભના સાર્વજનીક કાર્યો અને ખાતાઓનો પાયો મજબુત કરશે નહિ ત્યાંસુધી તે જોઇએ તેટલું આગળ વધવું મુશ્કેલી ભરેલું હોય તેમ લેખકને લાગે છે. જનસમુહના વિચારો અને મતો કેળવવા અને અમુક ચીજ કોમના હીતને માટે કેટલી જરૂરની છે એમ દેખાડી આપવું તે કોનફરન્સનો મૂળ હેતુ છે તે વાત બેસક ઠીક છે પરંતુ તે કેમ અમલમાં મુકવી અને તેના સાધનો કેમ પુરા પાડવા તે ભોગવી લેવાનું કામ જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઈને કોમ ઊપરજ છોડવામાં આવે તો પછી તેવી શીખામણ કોમને એકંદર રીતે વ્યવહારૂ લાભ કેમ અને શી રીતે કરી શકે? દાખલા તરીકે લેખક એક યોજનાની આવશ્યકતા દર્શાવે, જાહેર વર્તમાન પત્રો પણ તેવીજ રીતે યોજનાની આવશ્યકતાને સહાયનુભુતિ આપે અને કોનફરન્શ પણ પણ તેજ રસ્તે લોકમત ખેંચે તો પછી એક વ્યક્તિ કરતા વીશેશ કોન્ફરન્સે શું કર્યું તે કેમ ખાતરી થઇ શકે? કોન્ફરન્સને હાલ પોતાના બંધારણમાં કાંઇક ફેરફાર કરવાની જરૂરીઆત ઉભી થઇ છે તેમાં ખાસ લોકરૂચી તેના તરફ દોરાય તે પ્રથમ લક્ષમાં રાખવાની જરૂર છે અને ત્યારબાદ વ્યવહારીક રીતે ઉપયોગી કામો કરવાની જરૂર છે. આ બને માટે કોન્ફરન્સને પ્રયાસ તથા ઘણીજ મહેનત કરવાની જરૂર પડશે પણ જ્યાં સુધી તેને માટે વખત, ઉદ્યોગ, નાણા અને શક્તિનો પુરતો વ્યય કોન્ફરન્સના સુકાનીઓ કરશે નહિ ત્યાસુધી ઉપર પ્રમાણે પ્રયાસ થવો મુશ્કેલ થઇ પડશે. લોકરૂચી કોન્ફરન્સને પોતાની તરફ દોરવા સારૂ ધૈર્યતા રાખવાની જરૂર પડશે. કારણ કે તે છેલ્લી નવ કોન્ફરન્સો કેવી રીતે ભરાયેલ છે તે જેઓએ પ્રત્યક્ષ જોયું હશે તેજ જાણી શકે છે. પરંતુ વ્યવહારીક કામો હાથમાં લઇ તે જો પાર પાડે તો તેના પરિણામો ઝડપથી આવે છે અને લોકરૂચી કોન્ફરન્સ તરફ પોતાની મેળે ખેંચાશે, કોન્ફરન્સમાં નાણાની પુરતી મદદ નહિ મળવાનો બળાપો પણ ઉપરનાજ કારણોને લીધે છે. માટે જો સુકૃત ભંડાર ફંડની ચાર આનાની યોજનાને વ્યવહારીક રીતે અમલમાં મુકવા સારૂ કેવળ ઉદર પોષણાર્થે મહેનત કરતાં ઉપદેશકો મારફતે કામ નહિ લેતા જો આપણે કેળવાએલ વર્ગ જેઓ કોન્ફરન્સના હીતને માટે જીવતોડ મહેનત કરે છે તેઓ જો ધારે અને વર્ષની અંદર અમુક માસમાં જુદા જુદા શહેરોમાં જાતે જઇને કોનફરન્સની જરૂરીઆત સંબંધી ઉપદેશ કરવાનું ચાલુ રાખે અને તેને માટે અમુક વ્યક્તિઓ પુરતી ખંત અને શ્રદ્ધા રાખી કોમના હીત ખાતર સર્વન્ટસ ઓફ ઇન્ડીઆ, અથવા સોસીયલ સર્વીસ લીગના મેમ્બરો જે રીતે આત્મભોગ આપે છે તે લક્ષમાં રાખી જેમ બને તેમ લોકરૂચી વીશેષ પ્રમાણમાં થાય તેવા ઉપાયો યોજે તો ઘણીજ ઉતમ સેવા બજાવી ગણાશે કોમના ધાર્મીક, સંસારીક અને કેળવણીને લગતા સવાલો ઉપર જનસમુહનો મત કેળવવો તે કોનફરન્સનો ખાસ હેતુ છે અને તે જેટલો મહત્વનો છે તેટલોજ જોખમ ભર્યો છે. કોનફરન્સના કાર્યકર્તાઓ કદાચ એજ સમજતા હોય કે તેઓ બે ત્રણ દિવસની બેઠકથીજ કોમના વિચારો કેળવવા અને સુધારવાનો હેતુ પાર પડી શકશે તો તેમનો ખયાલ જોઇએ તેટલો ફાયદા કર્તા નીવડે તે અસંભવીત છે. તેટલા માટે જનસમુહની લોકપ્રીયતા મેળવતાં આખું વર્ષ મુંગે મોઢે કામ કરતા જાહેર મંડળો, કેવા રીતે લોકમત પોતાની તરફ ખેંચી, શકયા છે તેનું અનુકરણ કરશે તો વધારે ઉત્તમ રીતે કામ કેમ કરવું તેની સમજ પડશે. લોકમત કેળવવા સારૂ આખુ વરસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ કરનારા "વર્કર્સ"ની પ્રથમ આવશ્યકતા છે આ "વર્કરો" કેવા હોવા જોઇએ તે ઉપર તેની ફતેહનો મોટો આધાર રહે છે, લોકમત કેળવવું તે લોક લાગણીનો ખ્યાલ કર્યા વિના અને તેને માન આપ્યા વિના બની શકે તેમ નથી. માટે વર્કરોની સંભાળ ભરી ચુંટણી કરવાની જરૂર છે. કારણ કે તેની ઉપર કોનફરન્સનો ફતેહનો કે નીષ્ફળતાનો મોટો આધાર રહેશે. લોક મત કેળવવા માટે, ખાસ કરી ગંભીર, શાંત પ્રકૃતી અને મોભાવાળા અને સામા માણસ તરફનું માન ધરાવનારા કાર્યકર્તાઓ લોક લાગણી સમજી શકે છે અને તેઓજ લોકરૂચી ઉપર જોઇએ તેવી અસર કરી શકે છે. માટે કોનફરન્સે કોમના વધુ સમાગમમાં આવેલા અને વધુ જાણીતા માણસોના હાથમાં તેનું કામ સોંપવાની ખાસ આવશ્યકતા છે અને ઉપર પ્રમાણે ઉપાયોથી અને ખંતથી કાર્ય કર્તાઓની સીધી દેખરેખ નીચે વ્યવહારીક કાર્યો હાથ ધરશે તો કોનફરન્સ પોતાની મેળે લોકરૂચી પોતાની તરફ ખેંચી જઇને કોમને ઉન્નતીના શીખર ઉપર લઇ જવા શકતીમાન થઇ ફતેહમંદ થાય એમ અંતઃકરણથી ઇચ્છું છું. બંધારણ સંબંધી જાહેરમાં માગવામાં આવેલ ખુલાસો જુદી જુદી વ્યકતીઓ તરફથી અત્યાર અગાઉ આપવામાં આવેલા હોવાથી વધારે તે સંબંધ સ્પષ્ટીકરણ નહિ કરતા ટુંકમાં જણાવવાનું કે ગમે તેવું મજબુત બંધારણ હોય તો પણ ઉપર જણાવ્યા મુજબ કોનફરન્સનો મુખ્ય આધાર તેના અંગે કામ કરતા વર્કર્સની ખંત, ઉદ્યમ અને સાહસીકપણા ઉપર આધાર રાખે છે તે કદી વિસરવા જેવું નથી.

# આશ્રવ મિમાંસા.

૪

## કષાયનું (અધ્યાત્મી)

અભ્યંતરમાં પરમ ઉપશમ મૂર્તિરૂપ અને અનંત જ્ઞાન આદિ ગુણ સમુહના ધારક જે પરમાત્મસ્વરૂપ તેમાં ક્ષોભ ઉત્પન્ન કરનાર તથા બાહ્ય વિષયમાં બીજાઓ પ્રત્યે ક્રોધ આદિ આવેશનું રૂપ ધારણ કરનાર તેને શાસ્ત્રકાર "કષાય"ના નામથી સંબોધે છે.

આ કષાયોને ધીમે ધીમે મંદ કરી છેવટે તેનાથી સર્વથા મુકત થવાનો અંતિમ લક્ષ્ય મહાજનોએ આપણી સમક્ષ મુકયો છે. મનુષ્ય તેની વર્તમાન ભૂમિકાએ પહોંચ્યો તે પહેલાની પશુ આદિ કોટીમાં આ કષાયો તેના જીવન નિર્વાહ અર્થે અત્યંત ઉપયોગી તત્વો હતા, પરંતુ હવે તેને પૂર્વના જેટલી તે તત્વોની અગત્ય રહી નથી. મનુષ્યમાં જેમ જેમ બુદ્ધિ અને વિવેકના તત્વો ઉદય પામતા જાય છે તેમ તેમ પશુઓને સુલભ એવા ક્રોધ ઇર્ષ્યા, સ્વાર્થ આદિ હલકી પંકિતના લક્ષણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનામાંથી ઘટતા જાય છે. સિંહ કે વરૂમાં આપણે જ્યારે ક્રૂરતા, આહારની ઉત્કટ સંજ્ઞા, આદિ લક્ષણો જોઇએ છીએ, ત્યારે આપણને તેજ લક્ષણો એક મનુષ્યમાં જોઇને આવે છે તેટલો વિષાદ અને ગ્લાનિ ઉત્પન્ન થતા નથી, કેમકે સિંહ આદિની જીવન અવસ્થાને અંગે તે તે લક્ષણો તદન કુદરતી અને તેના સંરક્ષણ અર્થે અનિવાર્ય ઉપયોગી છે, ત્યારે મનુષ્યમાં તેજ લક્ષણો તેની ઉચ્ચ ભૂમિકાને ભૃષ્ટ કરનાર અને સામાને ખેદ ઉપજાવનારજ ભાસે છે. કષાયો આત્માને કેવી અવસ્થામાં સ્વાભાવિક અને ઉપયોગી હતા અને તે કાળે તેણે આત્માને વિકાસ ક્રમમાં શું ઉપયોગી સહાય આપી હતી તથા હવે એજ વસ્તુ મનુષ્યને તેની હાલની શ્રેણીમાં શા માટે હાનીકારક છે અને છતાં શું કારણથી તેને મડાગાંઠની પેઠે તે વળગી રહ્યા છે તેનું વિવેચન કરવાનો આ લેખનો હેતુ રાખવામાં આવ્યો છે. તેમ કરવામાં વાચકને શરૂઆતમાં હમો વિષયાંતરમાં ઉતરી પડયાનો ભાસ થશે, પરંતુ છેવટે એ ભ્રાન્તિ સ્વતઃ નિકળી જવા યોગ્ય હોઇને, ધૈર્ય પૂર્વક વાંચવા વિજ્ઞપ્તિ છે.

આત્મા તેની હાલની મનુષ્યત્વની અવસ્થામાં આવ્યો તે પહેલાં તેણે અનંત પ્રકારની ક્રમાનુગત ચઢતી અવસ્થાઓ પસાર કરી છે. વિકાસક્રમની શ્રેનાણીજે પદને તે હાલ શોભાવે છે, તે પદ નીચે અનંત પગથીઆ છે અને તે પ્રત્યેક ઉપર ઓછામાં ઓછો તે એક વાર હતોજ. એવી એક પણ મનુષ્યત્વથી હલકા પ્રકારના જીવનની અવસ્થા નથી કે જે ઉપર આત્માએ ન્યુનાધીક સમય વિરામ લીધો ન હોય. અને તેજ પ્રમાણે તેની આ સંસાર ચક્ર (cycle of existance)માંથી આત્યંતિકી નિવૃત્તિ થશે તે પહેલા પણ હજી તેને ચઢતા ક્રમે અનંત અવસ્થાઓ અનુભવવાની અને તે પ્રત્યેક અનુભવમાંથી આવશ્યક પાઠ શીખવાની ફરજ પડશે.

આત્મા જે જે જીવન અવસ્થામાંથી પસાર થઇને આવ્યો છે, તેના સઘળા લક્ષણો તેના માનસ બંધારણમાં અંકિત થયેલા છે. તેજ પ્રમાણે તેના માનસ શરિરમાં એવી અદ્દભૂત શકિતઓ અને ઉચ્ચ ભૂમિકાઓ રહેલી છે, કે જે હજી તેના બાહ્ય મનની સપાટી ઉપર કદી આવી નથી, અને જેના અસ્તિત્વનું તેને સ્વપ્ન સરખું પણ નથી.

આ બધી માનસ સંપત્તિ તેને અતિ આવશ્યક છે. આપણી વર્ત્તમાન દૃષ્ટિને જે સંપત્તિ આ કાળે હલકી અને ત્યજવા યોગ ભાસે છે તે પણ ઉપયોગી છે. મનુષ્ય પ્રકૃતિના જે હલકા તત્ત્વો છે, તેના ઉપર જો યોગ્ય અંકુશ મેળવી તેને નિયત પ્રવાહમાં વાળવામાં આવે તો તેમાંથી ઘણો લાભ ઉઠાવી શકાય તેમ છે. આપણા હાલના અવલોકન બિંદુથી જેને આપણે મનુષ્ય જીવનનો " અધમ અંશ " કહીએ છીએ, તે માત્ર આપણે તેના ઉપર આપણું સ્વામીત્વ વિસ્તારી શકતા નથી અને તેમ કરવાને બદલે ઉલટા આપણે તેના ગુલામ બની બેસીએ છીએ, તેને લઇને જ છે. ગુલામ મનુષ્યના વિકારો અંકુશમાંથી ભાગી છુટેલા ગાંડા હાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા છે અને તેથી તે પોતાના સ્વામીને તેમજ તક મળતા આસપાસના મનુષ્યોને પણ પોતાની સુંઢે ચઢાવે તેમાં નવાઇ નથી, પરંતુ જે સમર્થ મનુષ્યે પોતાના વિકારો ઉપર અધિકાર જમાવ્યો છે. તેના વિકારો એક અગાધ ઉપયોગી સામર્થ્ય જેવા છે અને તે પોતાને તેમજ પરને, ઉભયને સહાયક છે.

અત્યાર સુધીમાં આત્મા વિકાસક્રમના જે પગ ઉપર પગલા ભરતો ભરતો મનુષ્ય કોટીમાં આવ્યો છે તે પગ ઉપર આપણે ઘડીભર પાછે પગલે ચાલીને તેના પ્રસ્થાન બિંદુ (starting point) અર્થાત્ જે અવસ્થામાં આત્માને આગળ વધવાનો પ્રથમ વેગ સ્ફુર્યો તે અવસ્થા ઉપર આવીએ તો ત્યાં આત્મા છેક જ નિકૃષ્ટ સ્થિતિમાં હોય છે. આપણા શાસ્ત્રકારોએ નિગોદ કોટીના જીવોનું જે સ્વરૂપ દર્શાવ્યું છે, તે સ્વરૂપને હજી વર્તમાન વિજ્ઞાન સ્વીકારી શકે તેટલું તે આગળ વધ્યું નથી. કેમકે નિગોદના જીવનો દેહ ગમે તેવા સૂક્ષ્મ યંત્રો વડે ગ્રહી શકાય તેવો નથી. જીવનની ઉત્કૃષ્ટ અવસ્થા જેમ બુદ્ધિનો વિષય થઈ શકતી નથી, તેમ નિકૃષ્ટ અવસ્થા સંબંધે પણ તેમજ છે. વસ્તુના બન્ને છેડાઓ એક સરખા ગહન અને બુદ્ધિ અગોચર છે. વર્ત્તમાન વિજ્ઞાન જીવની જે હલકામાં હલકી અને પ્રાથમીક સ્થિતિ સ્વીકારે છે, તે જૈનોના "નિગોદ" કરતાં અનંતગણી સ્થૂળ છે. નિગોદને બાજુએ મુક્તા તેથી સ્હેજ ચઢતી પંક્તિની જીવકોટી ખનીજ આશ્રયી આત્માઓની છે. એક કર્મ અણુ (atom) અન્ય અણું પ્રતિ આકર્ષાય છે, તે પણ જીવના માનસ રાગ અથવા સ્નેહના આકર્ષણને લીધે જ છે. પરમાણુએ દ્વયણુક, ત્ર્યણુક એ પ્રકારે સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધરૂપે બને છે. કર્મપરમાણુંનો આકર્ષણનો મહા નિયમ માનસ ગતિ ઉપર બંધાયલો છે. જીવોના મનની ઇચ્છા (choice) અને કાર્ય (action) પોતા પ્રતિના સ્નેહના પ્રત્યુત્તર (response) નું આ પ્રથમ સ્ફુરણ છે, કર્મ અણુઓનું એક બીજા પ્રત્યે આકર્ષણ એ માનસીક કાર્ય છે. અને મનુષ્યના માનસ શરીરમાં આ અણુંની અવસ્થા પણ ગુપ્તપણે અગાધ ઉંડાણમાં હજી રહેલી છે.

આવા અણુંઓ જ્યારે એકત્ર થઇને યોગીક અણુંઓ (molecules) રૂપે બંધાય છે ત્યારે તેની અંદરના જીવોનું માનસ કાર્ય સ્હેજ ચઢતીકળામાં પ્રવેશે છે. તેમ છતાં ત્યાંસુધી તે અકરણ દ્રવ્ય (inorganic) હોય છે. અર્થાત્ આપણી પ્રાકૃત દૃષ્ટિને તે સજીવપણા (અસ્તિત્વ) નુ ભાન આપી શકે તેટલા જીવન વ્યાપારવાળા બનેલા હોતા નથી. આવા અકરણ દ્રવ્યને વનસ્પતિના રોપાઓ પોતાના શરીરના વર્ધન માટે ઉપયોગમાં લે છે, અને જે જીવન વ્યાપારને મનુષ્ય માત્ર એકલી બુદ્ધિ વડે કદી પણ સમજી શકે તેમ નથી, તે જીવનવ્યાપારના અદ્ભૂત આવેગથી તેક્ષણ પૂર્વના અકરણ દ્રવ્યને સજીવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુટ (cell) રૂપે પરિણામ પમાડે છે. બુદ્ધિથી સમજી શકાય તેવો જીવનનો આવિષ્કાર આ પ્રથમ જ છે. આ પુટ એક અત્યંત ચમત્કારીક વસ્તુ છે. વનસ્પતિના જીવનું મન કેવી ક્રિયાવડે એક ખનીજને પોતાના શરિર બંધારણમાં છેક જ નવા રૂપમાં દાખલ કરી શકે છે, તેનો વિચાર ખરેખર આપણને મ્હાત કરી નાખે છે. ગમે તેવો સમર્થ વૈજ્ઞાનીક તેના સર્વ યંત્રો અને પ્રયોગશાળાઓ છતાં એક ક્ષુદ્ર વનસ્પતિના આ ચમત્કારીક કાર્યનું અનુકરણ કરી શકે તેમ નથી. જીવનશક્તિ વનસ્પતિ જેવી ક્ષુદ્ર કોટીમાં પણ આવી અદ્ભૂત છે, તો પછી મનુષ્ય કોટીમાં તેથી અનંતગુણ તે ચઢીયાતી હોય તેમાં આશ્ચર્ય શું! માત્ર તેનો ઉપયોગ કરી લાભ લેનારનો તોટો છે.

સૂક્ષ્મકોટીના જીવોની શકિત કરતાં વનસ્પતિના જીવોની ઘણી ચઢતી પંક્તિની છે. તેને પોતાનું કાર્ય બરોબર અચુકપણે અને નિયમીત રીતે બજાવતા આવડે છે. કેવા તત્ત્વોને પોતાના બંધારણમાં દાખલ કરવા અને કેવા તત્ત્વોનો બહિષ્કાર કરવો તેનો તે બહુ સુંદર વિવેક કરી શકે છે. અને પોતાની હાજતો અને આવશ્યકતાને પુરતુ જ દ્રવ્ય તે ખેંચવા માટે પોતાની સંજ્ઞા નિત્ય ગતિમાન રાખે છે. ખનીજમાંથી તે પ્રથમ એક પુટ બનાવે છે, અને તે પુટને અમુક પ્રમાણમાં વધવા દઈ તેના બે વિભાગ કરે છે. પુનઃ એ બન્ને વધીને નિયત મર્યાદાએ પહોંચ્યા પછી પુનઃ વિભક્ત થાય છે, આ પ્રકારે પ્રત્યેક પુટનું વિભાગીકરણ થયા કરે છે. અને તેમ થતાં નવા નવા અસંખ્ય પુટો ઉમેરાયા કરે છે, તેમજ જીર્ણ થએલા પુટો તે બંધારણમાંથી ખરતા જાય છે. વનસ્પતિમાં સતત્ ચાલતા આકાર્યથી તેનું કલેવર વધતું ચાલે છે. નાનામાં નાના વનસ્પતિના રોપાથી મોટામાં મોટા વૃક્ષ પર્યંતમાં આજ જીવનોત્પાદક ક્રિયા ચાલતી હોય છે. મનુષ્યનું શરીર પણ આજ પ્રકારે બંધાય છે. અને તે બંધારણનું કાર્ય આપણા શરીરમાં કયું તત્ત્વ કર્યે જાય છે? બીજું કોઇ જ નહીં પણ આપણા મનની અંદરનો વનસ્પતિ રૂપનો જીવનકાળથી ચાલ્યો આવતો એક વિલક્ષણ અને અવ્યક્ત અંશ (સંજ્ઞા)–વાનસ્પતિક અંશ (vegetative mind principle) આપણે તેને કહી શકીએ. આ અંશ મનુષ્યના બાહ્ય મનની સપાટી ઉપર ભાનપણે અથવા જ્ઞપ્તિરૂપે પ્રતીત થતો નથી, પરંતુ મનનાં ગંભીર ઉંડાણોમાં છુપો છુપો પોતાનું આવશ્યક કાર્ય કર્યે જાય છે, મનુષ્યનું મન કેટલું મહાન્ છે અને તેમાં કેટલાં અગાધ ઉંડાણો અને ગગનસ્પર્શી શિખરો છે, અને ત્યાં શું શું રહેલું છે તેની તેને મુદ્દલ ખબર નથી. મનની બહારની સપાટી ઉપર જે કાંઇ છે એટલું જ મનુષ્યના મનના બંધારણમાં છે, અને તે શિવાય કશું આગળ–પાછળ કે તળે ઉપર નથી એમ માનવું એ મોટામાં મોટું અજ્ઞાન છે. વનસ્પતિ રૂપે જ્યારે આ આત્મા હતો તે વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખતની સંજ્ઞા હજી પણ તેના માનસ બંધારણમાં રહી છે, કેમકે જે જે ભૂમિકાઓને વળોટીને આત્મા આ અવસ્થામાં આવ્યો છે, તે બધી ભૂમિકાને યોગ્ય લક્ષણો તે પોતાની સાથે મનની ઊંડાણમાં સંઘરતો આવ્યો છે. અને મનુષ્યના જીવન સંરક્ષણ અને નિર્વાહમાં તે અત્યંત ઉપયોગી ફાળો આપે છે.

ઘણાઓને આ વાત ચોંકાવનારી ભાસ્યા વિના રહેશે નહીં કે મનુષ્યના શરીરમાં સંવર્ધનનું કાર્ય આ તત્ત્વ કરે છે. પરંતુ આપણે સર્વ કોઇ જાણીએ છીએ કે આપણા શરીરનો પ્રત્યેક વિભાગ વનસ્પતિના અણુંઓથી વૃદ્ધિ પામે છે. મનુષ્યના હાલના દેહની શુરૂઆત તરફ જોતાં જણાય છે કે તેની ઉત્પત્તિ માતા અને પિતાના ધાતુઓના બે અણુંઓના સંગમમાંથી થઇ છે. એ અણુંઓ પ્રથમ માતાના શરીરમાંથી પોષણ મેળવી વધે છે. અને તે પોષણ ખેંચનાર પણ બીજું કોઇજ નહી પણ પર્યાપ્તિ છે. માતાનું રકત કે જેમાંથી તે અણુંઓ પોષણ મેળવી વધી અને વિભાગીકરણ પામ્યા કરે છે. તે રકત પણ સીધી અથવા આડકતરી રીતે વનસ્પતિના રોપાઓ માંહેના અણુંઓમાંથી બનેલું હોય છે. જો માતા ફળ કંદમૂળ અનાજ વિગેરેમાંથી પોષણ મેળવે છે તો તે સીધી રીતે વનસ્પતિ તત્વો પોતાના શરીરમાં ગ્રહતી હોય છે–અને કદી તે માંસાહારી હોય છે તો તે આડકતરી રીતે વનસ્પતિમાંથી પોષણ મેળવતી હોય છે કેમકે જે પશુનું માંસ ગ્રહી તે પોષણ મેળવતી હોય છે તે પશુએ વનસ્પતિમાંથીજ પોતાનું પોષણ મેળવ્યું હોય છે. આમાં બે મત જેવું છે જ નહીં કે પ્રાણી માત્ર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વનસ્પતિ તત્વમાંથીજ શારીરિક પોષણ મેળવે છે. અને જે તત્વ વડે તે પોષણ આકર્ષાય છે તે પ્રાણીમાં નિવસી રહેલ આહાર પર્યાપ્તિ છે, જે યદ્યપિ પર્યંત મનુષ્યના બંધારણમાં રહ્યું છે. અને જેની ગેરહાજરીમાં તેનું શરીર નભી શકે જ નહીં. બાળકમાં પણ સંવર્ધનનું કાર્ય વનસ્પતિ સૃષ્ટિમાં જેમ ચાલે છે તેમજ ચાલ્યા કરે છે. નિયામક સત્તા તળે રહીને પ્રત્યેક પુટ નિયત હદ સુધી વધીને વિભકત થાય છે. જન્મતા સુધી બાળક માતાના ઉદરમાં આ જ પ્રકારે વધતો હોય છે અને અસંખ્ય પુટો ઉમેરાતા જાતા હોય છે. જન્મ્યા પછી બાળકની અંદર રહેલું તે તત્ત્વ સ્હેજ જુદા પ્રકારે ક્રીયા કરે છે. તે માતાના રકતમાંથી સિધુ પોષણ મેળવવાને બદલે માતાના દુધથી, અથવા ગાયના દુધમાંથી પોષક તત્વો ગ્રહે છે. અને મોટો થતો જાય છે તેમ તેમ અનેક જાતના પદાર્થોમાંથી પોષણ મેળવતા શીખે છે.

વનસ્પતિની ભૂમિકાએ પહોંચેલા આત્માઓમાં માત્ર તે તત્ત્વ વિકસેલું હોય છે. તેમનામાં પોષણ મેળવી વધવા સિવાય બીજું કાંઇ કાર્ય કરે તેવો તેનો બીજો અંશ ખીલ્યો હોતો નથી. પશુઓ અને મનુષ્યોમાં મનનીકળા વનસ્પતિના સંજ્ઞા–મનની કળા કરતાં અનુક્રમે અધિકાધિક વધેલી હોય છે છતાં તેમનામાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષણ મેળવવાનું, શરીરની રચનામાં જોઈતા તત્વો પુરા પાડવાનું અને તેના સંવર્ધનનું કાર્ય તો તે પર્યાપ્તિ–જ કરી શકે છે. મનનો બીજો અંશ એ વનસ્પતિ મનના કાર્યમાં હાથ ઘાલી શકે નહીં અથવા તેની વતીનું કાર્ય બજાવી શકે નહીં. વનસ્પતિમાં, ઝીણા જંતુઓમાં, પશુઓમાં અને મનુષ્યોમાં મનનો આ વાનસ્પતિક અંશ અહારમાંથી નવા જીવન પુટો બાંધવાનું કામ કર્યાજ કરતો હોય છે અને દેહની શરૂઆતથી તે તેના અંત સુધી તેનું કામ ચાલતું જ હોય છે. જુના અને સડી ગયેલા પુટોને તે કાઢી નાંખી તેનું સ્થાન સજીવન અને નવા પુટોને મળતું રહેલું હોય છે; એટલું જ નહીં પણ મનનો આ અંશ રકતના અભિસરણ ઉપર નિયમન રાખવાનું કામ કરે છે. કેમકે અભિસરણ દ્વારા જ શરીરના બધા ભાગમાં નવા પુટો મોકલી શકાય છે. ખોરાકને પચન કરવો, એક રસ કરવો અને તેને તેના યોગ્ય સ્થાનમાં મોકલી દેવો એ પણ આ શકિત જ કરે છે. ઘા રૂઝવવાનું, દર્દ સામે લડવાનું અને હરકોઇ પ્રયત્ને શરીરને આરોગ્ય રાખવા આ તત્ત્વ હરહમેશ મથ્યા કરતું હોય છે. વૃક્ષો કે જેમાં માત્ર આ જ તત્ત્વ હોય છે તે કદી પણ રોગી હોતા નથી. પશુ કે જેઓમાં આ મનમાં દખળ કરનાર મનની બીજી કળાઓ ખીલી નથી તેઓ પણ ભાગ્યે જ નબળા કે રોગી જોવામાં આવે છે. માત્ર મનુષ્યો જ આ તત્ત્વના કાર્યમાં પોતાને પ્રાપ્ત થયેલી મનની અધિક જાગ્રતકળાના બળ વડે ડખલ કરી વિનાકારણ ખરાબી વ્હોરે છે. આ મનનું કાર્ય બાહ્ય મનની સપાટી ઉપર થતું નથી પણ તેના આંતર મનની ઉંડાણમાં આપણે ન જાણીએ, તેમ થયા કરતું હોય છે. વનસ્પતિ પશુ અને મનુષ્યમાં આ તત્ત્વ એક જ પદ્ધતિએ એક સરખું કાર્ય કરે જાય છે. કામ કરવા માટે તેને કોઇની આજ્ઞાની જરૂર પડતી નથી; સલાહની પણ તેને અગત્ય નથી. જ્યાં બાહ્ય મન તરફથી તેવી સલાહ સ્વીકારવા તે મન ઉપર ફરજ પડે છે, ત્યાં ઉલટું તેના સરળ માર્ગમાં વિઘ્ન પડે છે. મનુષ્યના મનના બંધારણમાં વિવેક, શુદ્ધિ, આદિ ઉચ્ચ અંશોના વિકાસ સાથે આ વનસ્પતિના જીવન કાળનો અંશ રહેવા પામ્યો છે તેથી તેને કશું જ શરમાવાનું નથી. જ્યારે આત્મા દેહ વિના પોતાનું કામ નિભાવવાની હદે આવશે ત્યારે વનસ્પનિ–મન પણ આપોઆપ તેના માનસ બંધારણમાંથી નીકળી જશે. અત્યારે મનુષ્યના માનસ બંધારણમાં આ મન શું ભાગ ભજવે છે તે જરા વિશેષ સ્પષ્ટતાથી જોઇએ.

મનના આ પ્રદેશ ઉપર દેહને નિભાવી રાખવાની ક્રીયાઓ ચાલ્યા કરતી હોય છે. આપણા બાહ્ય મનને તેના કાર્યનું જરા પણ ભાન નથી. ખોરાક જઠરમાં પચતો હોય છે, અથવા રસપણે પરિણામ પામતો હોય છે વિગેરે કાર્યો બુદ્ધિ અનુભવી શકતી નથી. આ મન બાહ્ય મનની સાથે માત્ર ત્યારે જ સંદેશા ચલાવે છે કે જ્યારે તેને કાંઇ વસ્તુ કે પદાર્થની પોતાના કામ માટે જરૂર હોય છે. ખોરાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેને તોટો આવતો હોય છે અને પુરો પાડવામાં આવતા ખોરાકમાંથી પુરતા જીવન-પુટો રચી શકાતા નથી ત્યારે તે બાહ્ય મનને ફરીયાદ પહોંચાડે છે. પ્રજોત્પત્તિની પ્રેરણા પણ આ ભૂમિકા ઉપરથી ઉદ્ભવે છે. "એકના બહુ થાઓ" એવી બુમ આ મનમાંથી ઉઠે છે. ટુંકામાં ક્ષુધા, તૃષા, અને મૈથુન સંજ્ઞા આ મનમાંથી જ આપણા બાહ્ય ભાનવાળા મન ઉપર આવે છે. છતાં એટલુ હમેશાં સ્મૃતિમાં રાખવાનું છે કે આ મન ઉપરથી જે આજ્ઞા અને પ્રેરણાઓ ઉઠે છે તે તદ્દન સ્વાભાવિક અને કુદરતી રૂપમાં ઉઠે છે. ખાધાગળો, વિષય તૃષ્ણા આદિ બુરાઇઓ એ આ ભૂમિકામાંથી ઉદ્ભવતી નથી પણ મનુષ્ય પોતાની અસ્વાભાવિક ભોગેષણાઓની તૃપ્તિ માટે આ કુદરતી સંજ્ઞાઓને ખોટે માર્ગે દોરી જઇ તેનો ગેરઉપયોગ કરે છે. મનુષ્યને પશુ કરતાં એક બળવત્તર શકિત-બુદ્ધિ પ્રાપ્ત થયેલ છે અને તેનો ઉપયોગ તે ધારે તો તેના સ્વાભાવિક પ્રેરણાઓને અવળે માર્ગે લઇ જવામાં કરી શકે તેમ છે. અને ભોગેષણામાં વિહ્‌વળ બનેલો મનુષ્ય બહુધા કરે છે પણ તેમજ. પોતાના દેહને નિભાવવા માટે તેને જે જે જરૂરીઆતો ઉભીથાય છે તેના પ્રમાણમાં મનની ગુપ્ત રહેલી શક્તિઓ પણ જાગૃત થતી જાય છે. અને પશુઓ પોતાની પ્રાપ્ત ભૂમિકામાં જીવન સંરક્ષણ કરી શકે તેટલા માટે તેનું મન અને યોજનાઓ અનેક યુક્તિ પ્રયુક્તિઓ ગોઠવતું હોય છે. અને તે યોજનાને અનુસાર તેના શરીરનો ઘાટ, ચપળતા, રૂપ આદિરચાતા હોય છે. જીવવા માટે તેમજ પ્રજોત્પત્તિ માટે તેને અનેક કાર્યો કરવા પડે છે. અને તે કાર્યો કરવાની ફરજ તે સારી રીતે અદા કરી શકે તે માટે તે તે કાર્યો માટેનું આવશ્યક મનોબળ પણ તેનામાં વધતું જાય છે. પશુત્વની ભૂમિકાએ પ્રાપ્ત થતા આ મનોબળને "સંજ્ઞા" અથવા "પ્રેરણા" (Instinet) કહેવામાં આવે છે. આ સંજ્ઞા મન એ વનસ્પતિ-મન કરતાં ઘણું ચઢીઆતા પ્રકારનું હોય છે. તેમ છતાં બુદ્ધિ-મન જે મનુષ્યને સાંપડેલું છે, તેના કરતાં ઘણું હલકા દરજ્જાનું છે. બુદ્ધિ-મનનો વિકાસ આ સંજ્ઞા-મનમાંથી ધીમે ધીમે થતો જાય છે. વનસ્પતિ-મન, સંજ્ઞા-મન અને બુદ્ધિ-મન (Vegetatine mind, Instinctive mind and conscious-mind) એ ત્રણે પ્રકારના મનો જુદા જુદા અને પરસ્પરના વિરોધી નથી પરંતુ એકજ સીધી લીંટીમાં છે. અને આત્માના વિકાસ ક્રમમાં વિકાસના તારતમ્યાનુસાર ધીમે ધીમે ખીલતા જતા હોય છે. વનસ્પતિમાં એકલુ પ્રથમ પ્રકારનું મન, પશુઓમાં પ્રથમના બે પ્રકારનું અને મનુષ્યોમાં તે ત્રણે પ્રકારના મનો હોય છે. અને આત્મા હજી પણ જેમ જેમ વિકાસ ક્રમમાં આગળ વધતો જશે તેમ તેમ તેનામાં એક ઉચ્ચતર પ્રકારનો મનો અંશ ખીલતો જશે જેને સહજોપલબ્ધિ-મન (Intuitive mind) કહેવામાં આવે છે તે મનની સહાયવડે આત્મા ઇન્દ્રિયોની અપેક્ષા વિના સંસ્કારો ગ્રહી શકે છે, અને દેશ તેમજ કાળની મર્યાદાઓ તેને બાધા કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતી નથી. છતાં આ બધા પ્રકારની મનની ભૂમિકાઓ એકજ મનના અનુક્રમે વિકાસ પામતા અંશો છે. અને જ્યાંસુધી આત્મા શરીરી છે ત્યાંસુધી તે જે ભૂમિકા ઉપર હોય છે તે ભૂમિકાને અનુરૂપ અંશ તેમજ તેનાથી નીચેની ભૂમિકાઓના અંશો તેનામાં રહેલા હોય છે. જેમ ત્રીજું ધોરણ ભણનારના મનમાં એકલા ત્રીજા ધોરણને લગતા જ સંસ્કારો નહીં પણ પહેલા અને બીજા બન્ને ધોરણના સંસ્કારો હોય છે, તેમ બુદ્ધિ–મન રૂપી ત્રીજી ભૂમિકાએ વિરાજતા મનુષ્ય–આત્મામાં તેણે પસાર કરેલી બે ભૂમિકાના બન્ને પ્રકારના મનો તેનામાં રહેલા હોય છે, અને તે તેના શરીરમાં પોતપોતાના નિયત કાર્યો બજાવતા હોય છે.

હવે આપણે આ સંજ્ઞા–મનનું કાર્ય તપાસીએ. આ લેખનો મુખ્ય વિષય "કષાય" એ આ ભૂમિકામાં વસે છે. અને તે કષાય–મન અથવા સંજ્ઞા–મન આપણને આપણી પશુપણાની અવસ્થામાં મળેલું તે હજુ સુધી આપણી સાથે ખેંચાતું આવે છે. વધુ હલકા પ્રકારની શારીરીક ઇચ્છાઓ, વાસનાઓ, વિકારો, આવેગો એ આ કષાય–મનમાંથી ઉદ્ભવે છે. અધમ પ્રકારની લાલસાઓ, તિરસ્કાર, ઇર્ષ્યા, અદેખાઈ, વૈર લેવાનો આવેગ, ઝનુન, અસહિષ્ણુતા આદિ લક્ષણો આ પશુઓને સુલભ એવા "કષાય–મન" માંથી જન્મે છે. અને પશુઓમાં જો એ પ્રકારના લક્ષણો ન હોય તો તેમનું જીવન નભી પણ શકે નહીં. પશુઓમાં એમનો ઉદ્ભવ થવો એ તેમને મનની એક નવીન પ્રકારની શક્તિનો આવિર્ભાવ છે. અને પશુત્વની સ્થિતિમાં એ છેક કુદરતી અને હોવા યોગ્ય છે. એટલાજ માટે વાઘની કુરતા પ્રત્યે, લોંકડીની લુચ્ચાઇ પ્રત્યે, મોરના ગુમાન પ્રત્યે, કુતરાની અદેખાઇ પ્રત્યે અને સર્પની વૈર લેવાની ઇચ્છિા પ્રત્યે આપણને સ્વાભાવિક રીતેજ અજાયબી થતી નથી. જે લક્ષણો જ્યાં હોવા યોગ્ય છે ત્યાં તે લક્ષણોનો સદ્‌ભાવ આપણા મનમાં કાંઇ જ આશ્ચર્ય પ્રગટાવતો નથી. પણ તેજ લક્ષણો મનુષ્યમાં જોવામાં આવે છે તો આપણને તેના માટે હલકો અભિપ્રાય બંધ્યા વિના રહેતો નથી.

આપણે જ્યારે પશુ હતા ત્યારે એ બધા લક્ષણો પોતાના વ્યાજબી અને હોવા યોગ્ય સ્થાને જ હતા. આપણને તે કાળે તે વિના ચાલે તેમ હતું જ નહીં. વિશ્વની યોજના જ એવા પ્રકારની છે કે જે ભૂમિકાએ જે હોવા યોગ્ય હોય છે તે ભૂમિકાએ તેજ લક્ષણો અને પદાર્થો હોય છે. પશુઓને તેવા લક્ષણોની–કષાયોની જરૂર હતી માટે જ તે તેમને હતા. તેમના માટે તે "અયોગ્ય" નહીં પણ "યોગ્ય" અને "ઠીક" હતા. મનુષ્યો કેટલીક વખત કલ્પે છે તેમ આ "કષાયો" વસ્તુતઃ "ખરાબ" અને બુરાઇએ ઘસડી જનારા નથી, તેમ કોઈ સેતાને તે આપણા મનની ભૂમિકામાં રોપેલા નથી. વિકાસ ક્રમની શ્રેણિમાં યોગ્ય ભૂમિકાએ યોગ્ય રીતે અને યોગ્ય સમયે જે તે આત્માને સાંપડેલા હોય છે. પરંતુ વસ્તુ માત્ર જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમની પોતાની ભૂમિકાએ જ શોભે છે, તેમ આ "કષાયો" પણ પશુપણાના ભૂમિકાને જ શોભે તેવા છે. મનુષ્યત્વની ભૂમિકાને નહીં.

આ સ્થળે આ "સંજ્ઞા–મન" ના કાર્ય પ્રદેશનું વર્ણન કરવા અમને અધિકાર નથી. તે વિષય એટલો વિશાળ છે કે હમારા મુખ્ય વિષયના પેટામાં તેને સમાવી શકીએ તેમ નથી. અન્ય કોઇ પ્રસંગે તે ચર્ચવાની તક લઇશું. ટુંકામાં એટલું જ વક્તવ્ય છે કે આ કષાયોની વખાર આપણા પશુત્વની ભૂમિકાએથી આપણને–મનુષ્યોને–વારસારૂપે સાંપડેલી છે. એ વિચિત્ર મહાન ભંડારમાં, આપણા પોતાના તેમજ આપણા પૂર્વજોના સંસ્કારો ભરેલા છે. અને પેઢી દર પેઢીથી આપણને તે સોંપાતા આવતા હોય છે. જે કાળે આપણા પૂર્વજો છેક જંગલી દશામાં હતા અને જંગલની બોડોમાં વાસ કરી વગડામાંથી મળી આવતા પદાર્થો ઉપર ગુજારો કરતા તે અવસ્થાના સંસ્કારો પણ વંશ ક્રમાનુગત આપણા માનસ બંધારણમાં ચાલ્યા આવે છે. અનેક જાતની રૂચીઓ, લોલુપતાઓ, આસક્તિઓ, વિકારો, લાગણીઓ આવેગો ત્યાં વસે છે. પશુની દશામાં ભોગતૃષ્ણાને છીપાવવા માટે આપણે જે અત્યાચારો કરતા, જે બેશરમ લંપટતા દર્શાવતા અને તેમાં આડે આવનાર તરફ જે ક્રોધનો જુસ્સો ઢોળતા તે હજુ આ વખારમાં ભરેલા છે. આખું પશુખાનું આપણા હૃદયની ગુપ્ત ઉંડાણોમાં છુપાએલું છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે એ બધા પશુઓને આપણે છુટા મુકવા જોઇએ અને તેમને જેમ ફાવે તેમ નિરંકુશપણે આપણા તેમજ અન્યના તરફ વર્તવા દેવા જોઇએ. પશુઓ તેમ કરે છે તે યોગ્ય છે. તેમને વિકાળ થવાની જરૂર છે, લઢવા માટે તત્પર રહેવાની તેમજ બીજાના હક ઉપર ત્રાપ મારવાની પણ જરૂર છે, પરંતુ હાલની મનુષ્યત્વની ભૂમિકાએ એ બધું આપણે વળોટી ચુકયા છીએ. અને પુનઃ પશુ જેવા બનવું અને તેમને સુલભ એવું વર્તન આ ભૂમિકાએ રાખવું તે ખરેખર મનુષ્યપણાને લજવવા તુલ્ય છે.

આપણું પોતાનું હૃદયજ પશુઓ જેવું વર્તન ચલાવવા સામે વાંધો ઉઠાવે છે. આત્માની ઉચ્ચ અને પ્રગતિમાન અંશમાંથી એવા પ્રકારનો સ્વર ઉદ્ભવે છે કે પશુત્વની હલકી ભૂમિકામાં પાછા હઠવું એ 'ખોટું' છે. અને ઇશત્વની ભૂમિકા તરફ ધપતા ચાલવું એ "સારૂં" છે; આ વિશ્વમાં "સારૂં" શું અને "ખોટું" શું એ માપવાનું ધોરણ એકજ હોઇ શકે. અને તે એજ કે જે વડે આપણે આગળ વધતા જઇએ તે "સારૂં" અને જે વડે પાછા હઠતા જઇએ તે "ખોટું" આનો અર્થ એવો નથી કે પશુઓની માનસીક ક્રિયાઓ બધી અયોગ્ય અથવા અધમ છે ના તેમ મુદ્દલ નથી. તેથી ઉલટું પશુઓમાં, જે આપણી ભૂમિકાએ અધમ અને ખોટું ગણાવા યોગ્ય છે તે ઉચ્ચ અને "સારૂં" ગણાવા યોગ્ય છે. માત્ર આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટેજ તેવું પ્રરૂપણાનું વર્તન અધમતા ભરેલું કહી શકાય. કેમકે તેમ કરવાથી આપણે વધારે ને વધારે પશુ બનતા જઇએ છીએ, અને મહા મુશીબતે અનેક વિટંબણા અને કટુ અનુભવના પરિણામે ભૂમિકાને ઓળંગીને આંહી આવ્યા છીએ. તે ભૂમિકાને પુનઃ આદર પૂર્વક આલીંગન આપીએ છીએ. કોઇ પુરૂષ કે સ્ત્રીમાં આપણે પશુઓને હોઇ શકે તેવા લક્ષણો જોઇએ છીએ ત્યારે આપણને ખેદ ઉત્પન્ન થાય છે. તેનું કારણ એટલુંજ છે કે આપણો આત્મા સ્વભાવથી જ એ ભૂમિકામાં પાછો હઠવા નથી માગતો.

છતાં આનો અર્થ એમ પણ નથી કે જીવનની ઉચ્ચ ભૂમિકાને શોભાવતા આત્માઓ પશુઓના વર્તન ઉપર તિરસ્કારથી જુએ છે. અને તેમનું આચરણ નિહાળી ત્રાસ અનુભવે છે. એથી ઉલટું તેઓ એમ માને છે કે એ વર્તનદ્વારાજ પશુઓનાં શરીરમાં વસતા આત્માઓ આગળને આગળ વધે છે. પશુઓ વડે થતાં બધા કાર્યો અને તેમની બધી ઇચ્છાઓને મહાજનો સહાનુભૂતિ અને પ્રેમની દૃષ્ટિથી નિહાળે છે અને તેમાં કશું જ કંટાળો ઉત્પન્ન કરનાર અથવા "ખોટું" છે એમ માનતા નથી. જંગલી મનુષ્યો જે લગભગ પશુઓ જેવા-પશુથી સ્હેજ ચઢીઆતા છે, તેમના તરફ પણ મહાત્માઓ તો એજ પ્રકારની દૃષ્ટિથી જુએ છે. અને તેમના કષાયોને તેઓ કુદરતી અને હોવા યોગ્ય છે માટે જ છે એમ માને છે. આત્માના વિકાસક્રમની જે હદે જે હોવું જોઇએ તે હદે તે હોય, એમાં નવાઇ પામવા જેવું નથી.

પરંતુ મહા પુરૂષોને ખેદ ત્યારે જ થાય છે કે જ્યારે તેઓ સુધરેલા કેળવાએલા, અને જ્ઞાતા પુરૂષોમાં એવી અધમતા જુએ છે. આ સ્થળે તેઓ વિકાસની શ્રેણીમાં આગળ કુચ થતી નથી જોતા પણ પાછળ હઠવાના દૃશ્યને અત્યંત શોકપૂર્વક નિહાળે છે. પ્રગતિને બદલે પાછી ગતિ જુએ છે. મનુષ્ય જ્યારે નહીં કરવા યોગ્ય વર્તન કરતો હોય છે, ઉપશમાવવા અને ક્ષય કરવા યોગ્ય લક્ષણોને ઉપયોગમાં લેતો હોય છે ત્યારે તેનો આત્મા જ તેને ડંખે છે. કષાયમાં રચીપચી રહેલા મનુષ્યો પણ પોતાની હૃદય-સ્થિતિથી અજાણ્યા નથી. તેમના અંતઃકરણની ઉંડાણમાંથી તેમના વિચાર અને કાર્યની બુરાઇનો અવાજ હમેશા નિકળતો રહેતો હોય છે. એક પશુ અથવા જંગલી મનુષ્ય તે જ કામને જ્યારે સ્વાભાવિકતા પૂર્વક કરતો હોય છે ત્યારે આ સુધરેલા મનુષ્યનાં તે જ કાર્યમાં કશી સ્વાભાવિકતા હોતી નથી. "હું ખોટું કરૂં છું" એવી છાપ તેની મુખમુદ્રા ઉપર હમેશાં ચોંટેલી રહે છે. અને એ જ તે કાર્યની અસ્વાભાવિકતાની નીશાની છે. પશુઓ અથવા જંગલી મનુષ્યો કોઇ કાર્ય જ્યારે આનંદ પૂર્વક અને "હું ખોટું કરૂં છું" એવા જરા પણ ભાવ વગર કરતા હોય છે, ત્યારે આપણો સુધરેલો મનુષ્ય તે જ કાર્ય શરમાતો શરમાતો, નજર છુપાવતો, દૃષ્ટિ નીચી ઢાળીને, અને તે કરવા યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, એમ હૃદયમાં માનીને કરતો હોય છે. આત્માનો દંશ તેને ફોલી ખાતો હોય છે છતાં એ સર્વની દરકાર રાખ્યા વિના તે પોતાની હલકી વાસનાઓને તૃપ્ત કરવા લાગ્યો રહે છે.

હવે આપણે આપણા વિષયના મુખ્ય મુદ્દા ઉપર આવી પહોંચ્યા છીએ. કષાયોની એક કાળે-પશુત્વની ભૂમિકાએ-આપણને અગત્ય હતી, અને હજી સુધી તે વખતથી આપણા માનસ બંધારણમાં તે ખેંચાતા આવે છે. પરંતુ હવે કાંઇ આપણે પશુ નથી. આપણો ઉદ્દેશ પશુત્વને સાધવાનો નથી પણ ઇશત્વને સાધવાનો છે. અને ઇશત્વના ગુણો કામ, ક્રોધ, તૃષ્ણા, આસક્તિ, ઇર્ષ્યા, અભિમાન આદિ નથી. આત્માના દૃષ્ટિપથ ઉપર જે સુંદર ભાવી આ કાળે નજરે પડે છે, તે માત્ર હલકી વૃત્તિઓને રાજી રાખવા માટે ગુમાવી દેવું ઘટતું નથી. ખરૂં છે કે અત્યારે આપણા ઉપર એ પશુપણાના લક્ષણોનું-કષાય-મનનું-દબાણ એટલું બધું સખ્ત અને મુંઝવી નાંખનારૂં છે કે તેનાથી છેક મુક્ત થવું એ અશકય છે. છતાં જો આત્મા તેના ઇશ્વરી અંશની સહાય માંગે તો તેના અધો અંશને કબજામાં રાખવાનું બળ તે મેળવી શકે તેમ છે. અને ધીમે ધીમે એ તોફાની પશુખાનાને-કષાય વૃત્તિઓને-કાબુમાં લઈ શકાય છે. પ્રસંગોપાત તેમાંથી એકાદ કષાયરૂપી પશુ બળ કરીને ભાગી છુટે અને તમને અથવા તમારા આસપાસના મનુષ્યોને ઇજા કરે તો તમારે નિરાશ થવાની અથવા ભયભીત થવાની લેશ પણ જરૂર નથી. એ બધા આપણો જુનો વારસો છે, આપણા પોતાના જ બાળકો-આપણી પોતાની જ માનસ બનાવટ છે. અને આગળ ઉપર તે આપણી પોતાની જ શક્તિથી સંયમમાં આવી જશે અને કાળક્રમે આપણામાં વિલય પણ પામી જશે. 'કષાયોને તજવાની જરૂર છે-એ પશુપણાની ભૂમિકાને જ છાજે છે, મનુષ્યના પદને નહીં-એવું જ્ઞાન થવા પછી ડાહ્યા મનુષ્યોએ તે જ્ઞાનને અનુરૂપ વર્ત્તન કરતા ધીમે ધીમે શીખવું જોઇએ. અને ધૈર્યપૂર્વક, ખંતપૂર્વક, છતાં આકુળવ્યાકુળ થયા શિવાય, એ કષાયોના ધમપછાડાને ઓછાં કરતાં ચાલવું જોઇએ. બળ કરવાની, આંચકા મારવાની કે થોડા જ વખતમાં જ તમામ કષાયોને સાફ કરી નાખવાની તલપાપડતા કરવી એ અજ્ઞાન અને મૂર્ખાઇ છે. તમારા હૃદયમાં એ કષાયોને દૂર કરવાની ઇચ્છા ખરેખરી પ્રગટી હશે તો એની મેળેજ સ્વાભાવિક અને સરળ રીતે તે ઘટતા જશે, અને આત્મા વધારે વધારે ઇશત્વ સંપાદન કરતો જશે, સંકલ્પ એ મહાન્ બળ છે. અને જો કષાયોથી મુક્ત થવાનો તમારો સંકલ્પ દૃઢ અને નિષ્કપટ હશે તો કાંઇપણ બળ વાપર્યા વિના તમારો ઉદ્દેશ બર આવતો જશે. બહાર સપાટી ઉપર દોડધામ કરવાથી, કે ખાલી બળ કરીને તુટી મરવાથી કષાયનું બળ ઘટતું નથી. ઘણાં ભલા માણસો કષાયોનું બળ મંદ કરવા અનેક જાતની કષ્ટ ભરેલી પ્રક્રિયાઓ અને વિધાનો કરે છે, પરંતુ તે બધા અંતરના રોગ માટેના બહારના ઉપચારો જેવા લગભગ નિરર્થક છે. તેઓ કષાયનું સ્વરૂપ, તેના કાર્ય કા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણો વિગેરે કશું સમજતા નથી, અને જે વસ્તુને તેઓ બરોબર સમજતા નથી, તેના ત્યાગ કે ગ્રહણનો વિવેક તેઓ શી રીતે કરી શકે? હમારો ઉદ્દેશ કોઇના પ્રયત્નને ઉતારી પાડવાનો નથી. સર્વ કોઇ પોતાની સમજણ અને પ્રજ્ઞાનુસાર ઠીક જ કરે છે. હમે એવા મનુષ્યોને માત્ર એટલું જ કહીએ છીએ કે તમો કરો છો તે સારૂં છે છતાં એથી વધારે સારો માર્ગ છે તે ગ્રહણ કરો તો તમારો ઉદ્દેશ સફળ થવાની તક નજીક આવતી જશે.

મનુષ્યનો આત્મા તેના અંતઃકરણની તમામ વૃત્તિઓનો સ્વામી છે. મનનું પ્રત્યેક સ્ફુરણ તેના આધિપત્ય નીચે જ થાય છે. અને જ્યારે આત્મા પોતાનું ધણીપણું તેની વૃત્તિઓ પાસે સ્વીકારાવે છે ત્યારે તે વૃત્તિઓ આત્માની ઇચ્છા વિના સ્ફુરી અથવા વેગમાન થઇ શકતી નથી. આથી "કષાય" નામના આસ્રવના કારણથી મુક્ત થવા ઇચ્છનારે કષાયનું સ્વરૂપ સમજીને તેમના ઉપર પોતાનું સ્વામિત્વ બેસારવા ઉદ્યોગ કરવો જરૂરનો છે, અથવા આત્મા પોતાના પૃથક્ અહંત્વનો પરમાત્મામાં વિલય કરતો જાય છે, તેમ તેમ પણ એ કષાયો ઘટતા જાય છે અને મધ્યાન્હકાળની વૃક્ષની છાયા જેમ વૃક્ષમાં જ સમાઇ જાય છે તેમ મનુષ્યનું પૃથક્ અભિમાન પરમાત્મામાં ઓગળી જતાં એ કષાયો પણ સ્વતઃ લય પામી જાય છે. મનુષ્યત્વની આ દુર્લભ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્માએ હવે પોતાની આંતર ચક્ષુઓ પરમાત્માના પ્રકાશ તરફ ખુલ્લી રાખવી ઘટે છે. તેને હવે મનુષ્યત્વમાંથી ઇશિત્વમાં ગતિ કરવાની છે. અને તે અર્થે જરૂરનું છે કે તેણે ધીમે ધીમે તેના માનસ-બંધારણમાંથી પશુપણા તરફ આકર્ષનારી વૃત્તિઓને જ્ઞાનબળથી મંદ પાડવી જોઇએ અને અનુક્રમે ક્ષય કરવો જોઇએ. અપૂર્ણ.

## पर तृष्णा विरमण पद–अनुवाद.

### હરિગીત.

આશા ધરી એ શ્વાન દ્વારેદ્વાર ભટકે લોકના,
આશી મનુષ્યો તેવી રીતે પાત્ર હોયજ શોકના;
આત્માનુભવના રસિક થઈ નિશ્ચળ ખુમારી કીજીએ,
અવધૂત ! આશા અન્યની ! જ્ઞાન અમૃત પીજીએ.

૧

આશા રૂપી દાસી તણા પુત્રો બને તે વિશ્વના,
કે દાસ-કિંતુ પાત્ર તો આત્માનુભવના પાનના;
આશા તણા નાયક બને જે-એવી રીતે કીજીએ,
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨

મન પાત્ર પ્યાલામાં મસાલા પ્રેમ નિર્મલ નાંખતાં,
ઉગ્ર ધ્યાનાનલ કરી તન ભઠ્ઠીમાં કસ કાઢતાં;
આત્માનુભવની રક્તતા પ્રકટે સહજ એમ કીજીએ,
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ.

૩

દિવ્યસત્વ સુભોગ્ય રસનું પાન કરતાં શાંતિમાં,
અધ્યાત્મજ્ઞાનોચિત ચિન્હે ખેલતા સુખકાંતિમાં;
આનંદઘન ! એ પાન લ્હેરે વિશ્વ કૌતુક દેખીએ,
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ.

૪

શા. ફતેહચંદ ઝવેરભાઈ.
ભાવનગર.

# જૈનોન્નતિ.

(૨)

( સાંધણ પૃષ્ટ ૨૩૦ થી )

આ વિષય એહવો છે કે એની વિચારણા માટે આપણે જેટલો વખત કાઢીશું તે તમામ ઉપયોગી છે. આપણે આગળ વધવાને અને ગુણો મેળવવાને એનીજ વિચારણા જરૂરની છે. આની ચર્ચા આપણા કુટુંબમાં, આપણા સ્નેહીવર્ગમાં, આપણી ન્યાતીમાં, અને આપણા સંઘમાં, જ્યાં જ્યાં વખત આવે ત્યાં ત્યાં બીજી બધી ચર્ચાઓ કરતાં આપણી, આપણા કુટુંબની, આપણી ન્યાતીની, અને સંઘની ઉન્નતિનો સ્વાલ ઘણા ઉત્સાહથી અને જુસ્સાથી ચર્ચાવો જોઇએ; આપણામાં જ્યારે જ્યારે મળવાનો, ભેગા થવાનો કે બીજા કાંઇ પ્રસંગ આવે છે, તે વખતે બીજાઓના દુર્ગુણ તરફ લક્ષ જઈ તેની નિંદા કરવાની પ્રથા વધારે પડી ગએલી જણાય છે. બીજાની નિંદા કરવાનો સ્વભાવ પુરૂષ વર્ગ કરતાં સ્ત્રી વર્ગમાં વધુ જોવામાં આવે છે, તેઓ દેહરાસર, ઉપાશ્રય, કે બીજા જે જે ઠેકાણે તેમના વર્ગને મળવાની સંધી પ્રાપ્ત થાય છે, તે વખતે તેમની જીભને પરનિંદા કરવાનો બહુ સ્વાદ લાગે છે. પરનિંદા કરવી એ પાપ છે, અને તેમાં કર્મનો બંધ પડે છે, એ વાત જ તેમના લક્ષમાં હોતી નથી. ત્યારે હવે આપણું કર્તવ્ય એ છે કે વાતોનું સ્વરૂપ બદલાઇ ઉન્નતિનો વિષય આગળ આવે અને તે બહુ ચર્ચાય એહવી યુક્તિ દરેક સ્થળે થવી જોઇએ.

આપણે જે સ્થિતિમાં મુકાયલા છીએ, તે સ્થિતિ સંપૂર્ણ જો હોય તો પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નતિની ચર્ચાને જગ્યા નથી. જગતમાં કદાપી આર્થિક ઉન્નતિમાં સંતોષ વૃત્તિ ધરી પોતાને સંપૂર્ણ માની શકે. પણ ગુણના સંબંધમાં આપણે સંપૂર્ણ ગુણી છીએ અને આપણે હવે નવીન ગુણ મેળવવા જેવા કંઇ બાકી નથી એમ નથી. ગુણોમાં આગળ વધવાને માટે આપણામાં વિચાર ઉત્પન્ન ન થાય અને પ્રાપ્ત સ્થિતીથી આગળ બીજો કોઇ પ્રદેશ નથી એહવું જો માનીયે તો તેમાં આપણામાં જ્ઞાનની અને વિચાર કરવાની ખામી જ છે એમ માનવું જોઈએ.

આપણે ઉપર વિચારી ગયા છીએ કે સર્વોત્કૃષ્ટ ઉન્નતિ એ, મોક્ષપદની પ્રાપ્તિ તે છે. એ પદની પ્રાપ્તિ થયા પછી તેનાથી આગળનો વીદેશ બીજો કોઇ નથી; કે જે મેળવવાને માટે આપણે પ્રયત્ન કરીએ? જ્યાં સુધી આપણે કેવળજ્ઞાન મેળવ્યું નથી અને ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરી મોક્ષસ્થાન મેળવ્યું નથી, ત્યાં સુધી આપણી ઉન્નતિ અને આગળ વધવાનો પ્રશ્ન ઉભો ને ઉભો જ રહેવાનો છે.

સર્વોત્કૃષ્ટ ઉન્નતિનો મંત્ર આપણે સદાય જપ્યા કરીએ, અને તેની ભાવના બની રહે તેને માટે જ્ઞાનીઓએ આપણા માટે ઘણી સરસ યોજના કરેલી છે. જેઓએ દ્રવ્યથી અને ભાવથી બન્ને રિતીએ ઉન્નતિ પ્રાપ્ત કરેલી છે, એહવા તિર્થંકર ભગવંતની મુદ્રાના દર્શન કરવાની અને તેમની દ્રવ્ય અને ભાવથી પૂજા કરવાની આપણા ઉપર ફરજ રાખેલી છે.

તિર્થંકર ભગવંતની મુદ્રા—મૂર્ત્તિના દર્શન કરતી વખતે તેમના મૂળ સ્વરૂપ અને તેમનામાં રહેલા ગુણો આપણે યાદ કરવાના છે. અને તે ગુણોને યાદ કરી આપણામાં તે ગુણો છે કે નહીં તેની વિચારણા કરવાની છે. અને તે વિચાર કરી આપણામાં જે જે ગુણો ન હોય તે મેળવવાને માટે આપણે દૃઢ સંકલ્પ કરવાનો છે. અને તે સંકલ્પ કર્યા પછી આપણામાં તે ગુણો ઉત્પન્ન થાય તેના માટે આપણે દીર્ઘ પ્રયત્ન કરવાનો છે. વસ્તુતઃ શાસ્ત્રકારોનો આ આશય છે. છતાં તેનો યથાર્થ અમલ થતો નથી એ આપણામાં જ્ઞાનની ન્યૂન્તા છે, એમ બતાવે છે.

દેહરાસરો સ્થાપન કરવાનો અને તેમાં જીનબિંબની સ્થાપના કરી તેમની ભક્તિ કરવાનો જે મહાન્ ઉદ્દેશ છે. તે ઉદ્દેશ તરફ આપણી ઉપેક્ષા થઇ છે. અને તેને કુલચાર તરીકે ગણી દર્શનપૂજા કરવાની જે એક વેઠ ઉતારવાની તે ઉતારી આવ્યા એટલે કૃતકૃત્ય થઈ ગયા એમ માનવામાં આવે છે, તેથી જ આપણે વર્ત્તમાન સ્થિતિએ પહોંચ્યા છીએ.

આપણી ઉન્નતિના મૂળ પાયારૂપે મને તો એમ લાગે છે કે, બીજી બધી વાતો કરતાં શુદ્ધ દેવતત્ત્વના ઓળખાણ, તેમના ગુણોમાં રમણતા તે દ્વારાએ આપણી ઉન્નતિ થવાની છે. કયાં વ્યવહારીક કે કયાં આત્મિક બન્ને પ્રકાર ઉન્નતિ શુદ્ધ દેવતત્ત્વના ઓળખાણ પછી, આપણે તેમના જેવા થવા પ્રયત્ન કરવાની શરૂઆત કરીશું. એટલે આપણે આગળ વધવાની શરૂઆત કરી એમ નક્કી માન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વું. કારણ આપણા ઇષ્ટદેવ તિર્થંકર ભગવંત જેમના ઉપર આપણી મહાન શ્રદ્ધા છે. જેમની પૂજા ભક્તિથી આપણે પવિત્ર થઇએ છીએ. અને તેમની પૂજા ભક્તિના માટે આપણે ખાસ વખત કાઢીએ છીએ. નાણાંનો વ્યય કરીએ છીએ. તેઓ પણ એક વખત આપણા જેવા જ હતા. તેમનો આત્મા આપણા જેવો જ કર્મોથી લેપાયલો હતો. પણ તેમણે સમ્યક્જ્ઞાન મેળવી વસ્તુના સ્વરૂપનું ઓળખાણ કર્યું. અને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે સંપૂર્ણ વિર્યોલ્લાસથી સાધના કરી પોતે સામાન્યમાંથી વિશેષપણું પ્રાપ્ત કરી પરમાત્મપદ મેળવ્યું. તો પછી આપણે આપણામાં ખાસ વિશ્વાસ રાખવો જોઇએ; તેઓએ જે રસ્તે પોતાની ઉન્નતિ કરી છે, તે રસ્તો આપણે જાણવા અને તે રસ્તે આગળ વધવાને માટે તેમના સ્વરૂપનું યથાર્થ ઓળખાણ આપણે કરવું જોઇએ. અને આપણા સહવાસમાં આવનાર તમામને કરાવવું જોઇએ, એ આપણી પહેલામાં પહેલી ફરજ છે. આ ફરજ કુટુંબ, ન્યાત અને સંઘના નેતાઓને માટે ખાસ છે. કેમકે જો તેઓ આ ફરજ બરાબર બજાવે તો જરૂર આપણે આપણી ઉન્નતિના પ્રદેશ તરફ પ્રયાણ કરવાની શરૂઆત કરી ચુકયા એમ માનવાનું છે.

શ્રદ્ધાથી પૂજા કરવાથી જો કે લાભ તો છે જ. પણ વાસ્તવિક તેમનું શુદ્ધ સ્વરૂપ સમજી તેમનું બરોબર ઓળખાણ કરી તેમના ગુણોમાં રમણતા કરી તેમની પૂજા ભક્તિ કરીએ તો જેટલા પ્રમાણમાં આત્મિક લાભ-ઉન્નતિ હાલ થાય છે, તેના કરતા વિશેષ લાભ યાને ઉન્નતિ થાય એ સ્વાભાવિક છે. કેમકે શુદ્ધ સ્વરૂપનું ઓળખાણ થયા પછી સ્વાભાવિક આપણને આપણા આત્માના સ્વરૂપનું ભાન થાય છે. અને કર્તવ્ય માલુમ પડેછે. ને આપણે આપણી ઉન્નતિ કરવાને પ્રયત્નવાન થઇએ એ સ્વાભાવિક છે. અપૂર્ણ.

## જુની જૈન સાહિત્ય પ્રવૃત્તિને નિભાવી રાખવાની જરૂર.

( શેઠ પ્રેમચંદ રતનજી ભાવનગર. )

જગતમાં ભિન્ન ભિન્ન વ્યક્તિઓ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં ગુંથાએલી દૃષ્ટિગોચર થાય છે. દરેક વ્યકિતઓ બહુધા બાલ્યાવસ્થાના સંસ્કારને અનુસરીને પોતાનું જીવન વ્યતીત કરે છે. પ્રાયે જૈન કોમ વ્યાપારીક સંસ્કારી હોઇને સાહિત્ય પ્રવૃત્તિથી વિમુખ રહેવાથી તે બોજો મુનિઓ ઉપર જ અવલંબીને રહેલ છે. વિચારતા આ બોજો શ્વેતાંબરી સાધુઓ ઉપર ઇતિહાસ ઉપરથી જણાય છે. દીગંબરીયોમાં માત્ર સાધુ ઉપર નહિ પણ શ્રાવકો ઉપર આવેલ છે. શ્વેતાંબરીઓમાં જ્યારે મુનિઓએ જ સાહિત્યને ફાળો આપેલ છે ત્યારે દિગંબરીઓમાં મુનિ તથા બનારસીદાસ આદિ વિદ્વાનોએ સંપૂર્ણપણે ફાળો આપેલ દૃષ્ટિએ પડે છે. સમગ્ર જૈન કોમ તરફ દૃષ્ટિ કરતા જણાય છે કે આર્હત ધર્મને સ્વીકારનાર દરેક મનુષ્યોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ધર્મમાં સમાવેશ થાય છે. દિગંબર શ્રાવકોની સાહિત્ય પ્રવૃત્તિ તેઓના વૈરાગ્ય વૃત્તિના બંધારણને અંગે હોય કે ગમે તે કારણે હોય, તે આ સ્થળે ચર્ચવાની અપેક્ષા નથી. ચિત્રામણના લહીઆ તરીકેની પ્રવૃત્તિ સ્થાનકવાસિ મુનિઓમાં યત્કિંચિત્ નજરે પડે છે. સાંપ્રત શ્વેતાંબરીઓએ ધર્મના વિષયને ઉપાડી લીધો છે ત્યારે દીગંબરીઓ તમામ વિષયને પોષણ આપે છે. હવે આપણું લક્ષ પાશ્ચાત્ વિદ્યાના સંસ્કારે સાહિત્ય તરફ દોરાવા લાગ્યું છે. સમયાનુસાર–સાહિત્ય શું છે તે સમજવા વૃત્તિ દોડાવવા લાગ્યા છે. પાશ્ચાત્ વિદ્યાથી વિભૂષિત યુવકોમાં લેખકો ઉત્પન્ન થવા લાગ્યા છે. નવીન પ્રજાનો ઉત્સાહ દીનપ્રતિદીન વૃદ્ધિંગત થતો જાય છે. આપણી પાસે આપણી પ્રાચિન સાહિત્ય પ્રવૃત્તિ સિદ્ધિને માટે સબળ પૂરાવા જોઇએ તેવા ઉપલબ્ધ કરવામાં આવેલ નથી. આપણા પૂર્વાચાર્યોએ જે પ્રાચિન સાહિત્ય સંગ્રહીત કરી મૂકેલ છે, તેની શોધ કરવામાં તેમજ ઉપલબ્ધ થયેલને નિભાવવાને માટે જોઇએ તેવા સાધનો તૈયાર કરવામાં આવતા નથી. પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજીએ આ વિષય ઉપાડી લીધો છે પણ એક વ્યકિત કેટલું કરી શકે ? આપણી અપૂર્વ જુની સાહિત્ય રક્ષણ પ્રવૃત્તિ છે તે ભવિષ્યની પ્રજા માટે જેવી રીતે ટકી રહી છે તેવી રીતે નિભાવવાને ઉપાયો યોજવા જોઇએ. પૂજ્ય મુનિરાજો તેમના વડીલોની પદ્ધતિએ ચાલી તેઓની જેમ સાહિત્ય રક્ષણના ઉપાયો યોજે તો ભવિષ્યની પ્રજાને વિશેષ લાભપ્રદ છે. અસલ જેમ શ્રી પૂજ્યોની સાથે તેઓના શિષ્ય મંડળમાં લહીઆ–ચિત્રકાર–શિલ્પિ તથા જોતિષિઓ હતા, તદ્વત સાંપ્રતના મુનિરાજો તથા યતિઓ તેઓના શિષ્ય મંડળ માંહે લહીઆ–ચિત્રકાર–જોતિષિઓ તૈયાર કરે તો સાહિત્ય રક્ષણને સંપૂર્ણ ટેકો આપેલ ગણાશે. જે જે સ્થળે જોઇએ તે કરતા દ્રવ્ય વધારા તરીકે જણાય તેને પોતાના ભકતોને નવીન ભંડારો તૈયાર કરાવવાનો ઉપદેશ આપે. તાડપત્રોપર નવીન પુસ્તકો કોતરાવવાનો ઉદ્યમ આરંભે, સોનેરી અક્ષરના પુસ્તકો તથા ચિત્રામણ તૈયાર કરાવે તો જ જુની પદ્ધતિ વિશેષ જળવાઇ રહેવા સંભવ છે. જૈન પ્રજામાં દિવસાનુદિવસ સંગીત તરફ લક્ષ અપાતું જાય છે. જુની ગાવાની રીતિને બદલે રાગોની રીતિ પ્રવેશ કરતી જાય છે તેથી જૈન જુની સંગીત, તથા કાંસીની પદ્ધતિ નિભાવી રાખવાને માટે પ્રો. બર્વેની ગાયન વાદના માળાની રીતિને તમામ રાગો સારીગમોમાં ઉતરાવી લેવા અગર તો ગ્રામોફોનની રેકર્ડોમાં ઉતરાવી લેવાની જરૂર જણાય છે. જેમ પુસ્તક પ્રસિદ્ધિ તરફ વિશેષ લક્ષ અપાય છે તદવત્ આપણું પ્રાચિન સાહિત્ય દીર્ઘકાળ પર્યંત ટકી રહે તેની તરફ દૃષ્ટી કરવામાં આવે તો જ જળવાઇ રહેવા સંભવનીય છે. કારણકે છાપેલ કરતા લેખીત પુસ્તકો લાંબો કાળ ટકી રહેવાના સબળ પુરાવા આપણી પાસે છે. પ્રાચિન સાહિત્ય દૃષ્ટિએ પડતા તેની પ્રત્યે તથા તેના સાચવનાર પ્રત્યે જેવી પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેવી રીતે ભવિષ્યની પ્રજા માટે આપણે ઉપાયો યોજવાની જરૂર છે. અસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વર્તમાન સમાચાર.

( पंजाब देशना श्री संघने जाणवा लायक )

### "सकल श्री संघ पंजाब को जवाब."

॥ श्री वीतरागाय नमः ॥

गुरुजी महाराज श्री वल्लभविजयजी की आज्ञासे सकल श्री संघ पंजाब योग्य धर्मलाभ के साथ विदित होवे यहां सुखशाता है, धर्मध्यानमें उद्यम रखना. आपकी तर्फसे प्रार्थना पत्र तथा लाला गंगारामजी ऑनररी मेजिस्ट्रेट शहर अंबाला आदि श्रावक समुदाय मिला समाचार ज्ञात हुआ, आप फिकर न करें स्वर्गवासी गुरु महाराज प्रातःस्मरणीय श्री १०८ श्रीमद्विजयानन्दसूरि (आत्मारामजी) महाराजजी के वचनका बराबर पालन किया जायगा चाहे आप विज्ञप्ति करें चाहे न करें हमारा उस तर्फ आनेका परिपूर्ण भाव है, देरी केवल इसी बातकी समझें कि श्री गिरनारजीकी यात्रा अभी तक हुई नहीं है, बस श्री नेमिनाथ स्वामीकी यात्रा करी कि सीधा उसी तर्फ मूंह समझ लीजिए—

अष्टगाम,
जिल्ला—सुरत.
ता. ३०—४—१७

दा० विमलविजयका
धर्मलाभ.

## સમાલોચના,

**કુમારપાળ ચરિત્ર (હિંદિ)**–લેખક શ્રીમાન્ **મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજ** પ્રસિદ્ધ કર્તા અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ **મુંબઇ.**

આ ગ્રંથનો અભિપ્રાય આપતાં અમારે આનંદ સાથે જણાવવું પડે છે કે એક વિદ્વાન મુનિરાજના પ્રયત્નનું આ એક શુભ પગલું છે. જો કે ગુજરાતી ભાષામાં વડોદરાના નામદાર મહારાજા તરફથી તેનું ભાષાંતર શ્રીયુત મગનલાલ ચુનીલાલ વૈદ પાસે કરાવી પ્રથમ પ્રસિદ્ધ થયેલું હતું પરંતુ તે માત્ર ગુજરાત કાઠીયાવાડ મુંબઇ ઇલાકાનેજ ઉપયોગી હતું. પરંતુ વિશેષે કરીને મેવાડ–મારવાડ પંજાબ બંગાળાદિ જૈન બંધુઓને આવા એક અપૂર્વ ઐતિહાસિક ગ્રંથની હિંદિ ભાષામાં જે ખોટ હતી તે હિંદિ ભાષામાં લખી તૈયાર કરવામાં મુનિરાજ **શ્રી લલિતવિજયજી મહારાજે** તે તે દેશના હિતાર્થે અપરિમિત ઉપકાર કર્યો છે. આ ગ્રંથમાં કુમારપાળ મહારાજાના વખતની રાજકીય, ધાર્મીક તેમજ સામાજિક સ્થિતિનું એક ઉત્તમ ચિત્ર આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. ભારતવર્ષમાંના મોટા ભાગમાં જ્યાં ગુજરાતી ભાષા સમજી શકતા નથી તેઓને માટે આવી ભાષામાં અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ગ્રંથો તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની જરૂર છે. આવી જાતનું પ્રથમ પગલું સ્વર્ગવાસી મહાત્મા ન્યાયાંભોનિધિ **શ્રીમદ્ વિજયાનંદસૂરિ** ( આત્મારામજી મહારાજે ) જૈન તત્વાદર્શ વગેરે ગ્રંથો હિંદિ ભાષામાં તૈયાર કરી ભરેલું જેનું અનુકરણ ઉક્ત મહાત્માએ કરેલું છે તે સ્તુત્ય છે. આ ગ્રંથ બહુજ ઉત્તમ શૈલીથી તૈયાર કરવામાં આવેલ છે અને વિશેષમાં ઉકત ગ્રંથની પ્રસ્તાવના વિદ્વાન **મુનિવર્ય શ્રી જિનવિજયજી મહારાજે** લખેલ છે. પ્રસ્તાવનામાં શ્રી હેમચંદ્રાચાર્યની જીવનરેખા અને બીજી કેટલીક ઐતિહાસિક બાબતો દાખલ કરવામાં આવી છે જે એટલી સુંદર છે કે આ ગ્રંથના ગૌરવતામાં તેથી વધારો થયો છે. આ ગ્રંથમાં મહાઉપકારી જગવિખ્યાત સુરિશ્વર વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) નો ફોટો દાખલ કરી એક સુંદર નમુનેદાર અપૂર્વ બનાવ્યો છે. **મુનિવર્ય શ્રી જિનવિજયજી** એક ઇતિહાસના ખરેખરા અભ્યાસી અને એક સારા લેખક છે તેમના લેખો ઘણી ઘણી વખતે આ માસિકમાં આવે છે જે એક અવાજે પ્રશંસાપાત્ર નિવડયા છે. એકંદર રીતે ઉક્ત ગ્રંથ ઐતિહાસિક બાબત માટે ઘણોજ ઉપયોગી છે અને તે ખાસ ગ્રહણ કરવા લાયક છે. કિંમત છ આના. આ ગ્રંથ અમારે ત્યાં તેમજ પ્રસિદ્ધ કર્તાને ત્યાં મળી શકશે.

**શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી.**—શ્રી જૈન એસોસીએશન ઓફ ઇંડીઆ તરફથી અમોને ભેટ મળી છે. કોઇ પણ પ્રજાની સ્થિતિનું જો ખરેખર નિરિક્ષણ કરવું હોય તો તે મુખ્ય સાધન તે પ્રજાની ડીરેકટરી જ છે. જેને લઇને જૈન પ્રજાની સ્થિતિનું ખરેખરૂં ભાન કરાવવાના પ્રયાસરૂપે શ્રી જૈન એસોસીએશન ઓફ ઇંડીયા એ આ ડીરેકટરી પ્રસિદ્ધ કરી જૈન કોમ ઉપર એક પ્રકારનો ઉપકાર કર્યો છે જે ખરેખર ધન્યવાદને પાત્ર છે. જો કે આ પ્રથમ પ્રયાસ હોવાથી કેટલીક હકીકત અપુર્ણ રહેવા સંભવ છે જેને માટે મુનિમહારાજોને, દરેક શહેર યા ગામના જૈન બંધુઓને અમો જણાવવા રજા લઇએ છીએ કે શ્રી જૈન એસોસીએશન તરફથી જે જે વખતે જે જે બાબતો પુછવામાં આવે તે તે હકીકતો તેમને પુરી પાડવાની જરૂર છે અને એમ થવાથી આ ડીરેકટરીનું કામ એક વર્ષ પછી બીજા વર્ષે વધારે માહિતીવાળું અને સંતોષકારક નીવડશે. સાથે જૈન પ્રજા તેને આદરથી ઉઠાવી લેશે તો ભવિષ્યમાં સારી આશા રાખવાને આપણે ભાગ્યશાળી થઇશું. ડીરેકટરી વાંચતાં તેમાં જે જે હકીકત આવી છે તેમાં હજી કેટલીક બાબતોમાં બહોળો અવકાશ છે તો તેના પ્રવર્તકો હવે પછીના વર્ષ માટે અત્યારથીજ હકીકતો મેળવવા તેમજ મેળવેલી હકીકતને નિષ્પક્ષપાત દૃષ્ટિથી તારવી કાઢી લક્ષમાં લેવામાં આવશે તો આ ઉચ્ચ હેતુ વધારે સારી રીતે પાર પડશે. એકંદરે પ્રયાસ માટે ધન્યવાદ આપતાં જણાવીએ છીએ કે આવા જૈન કોમના એક કિમતી સાધન તરીકે દર વર્ષે ડીરેકટરી પ્રસિદ્ધ કરવાના પ્રવર્ત્તકોના ઉત્સાહની વૃદ્ધિ સાથે ફતેહ મળતી રહે.

## જીવ દયા પ્રસારક ફંડનો ચોથો વાર્ષિક રીપોર્ટ. ( સને ૧૯૧૪ )

આ ફંડના કાર્ય વાહકોના ઉત્તમ પ્રયાસને લઇને દિવસાનુ દિવસ અને એક વર્ષ પછી બીજા વર્ષમાં અનેક જીવ દયાના કાર્યોનો વધારો થયો છે એટલે અનેક જીવોની થતી હિંસામાં ઘટાડો થતો જાય છે જે આ રીપોર્ટમાં આપેલ વીગતવાર લીસ્ટથી માલમ પડે છે. સુમારે સતર લાખ જેટલા પ્રાણીઓના જીવ બચાવવા સારૂ એ ફંડના કાર્યવાહકો કરેલ ઉત્તમ પ્રયાસ માટે અને તેમના તે પ્રયાસને ધનની સહાય કરનાર કરાવનાર અનેક સજ્જનોએ મહદ્ પુણ્ય ઉપાર્જન કર્યું છે એ નિસંશય છે.

હિંસાના સ્થાનોથી કે બીજી રીતે જીવો છોડાવવા તે ઉત્તમ છે પરંતુ તેનું મૂળ શોધી અથવા તેના ભક્ષણ કરનારાઓને તે થતી તેમની ભૂલો સમજાવી તેનાથી દુર કરવાનો જે ઉપાયો લેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે અતી ઉત્તમ છે. આ ફંડના કાર્યવાહકોએ એવી બાબતો પણ હાથ ધરી છે જેનો પ્રયાસ પણ જારી છે તે આ રીપોર્ટ ઉપરથી માલમ પડે છે જે જાણી તેમના કાર્યવાહકોને ધન્યવાદ આપવો ઘટે છે.

જીવ હિંસા અટકાવવાને માટે બીજી રીતે કે ઉપદેશ વડે, બુકો—હેન્ડબીલો પીકચરો વહેંચી તે વડે કે તેવા બીજા તેને લગતા સાહિત્યો વડે પણ પ્રયાસ થતો જોવામાં આવે છે જે ખરેખર ઉપયોગી છે. આવા કાર્યને માટે પૈસાની મોટી રકમની જરૂર છે જે એકલા જૈનો નહીં પણ જૈનેતર—કોઇ પણ ધર્મ વાળાઓ પણ આવા કાર્યને આપી શકે તેવું છે. અમો તેટલા માટે વિનંતિ કરીયે છીયે કે જૈન કે જૈનેતર કોઇ પણ વ્યકિતએ આ ઉતમ કાર્યને તન મન અને ધનથી મદદ કરવાની જરૂર છે. મુનિમહારાજજીને નમ્રતા પૂર્વક જણાવીએ છીએ કે પોતાના વિહાર કે ચાતુર્માસની દરમ્યાન આ કાર્ય માટે પણ ઉપદેશ આપી ફંડ કરાવી આ ખાતાને મદદ અપાવવાની જરૂર છે. આ ખાતાના કાર્યવાહકોને છેવટે ધન્યવાદ આપી તેઓ આ ખાતાનો હજી બહોળા પ્રમાણમાં ફેલાવો કરવા પ્રયત્નશીલ થાય અને તેમ થતાં અનેક જીવોની થતી હિંસા અટકે એમ અંતઃકરણથી ઇચ્છીયે છીયે.

**વીર્યરક્ષા—પ્રથમભાગ—હિંદી**—આ નામનો ગ્રંથ તેના લેખક સીકંદ્રાબાદવાળા શેઠ **જવાહીરલાલ જૈની** તરફથી અમોને ભેટ મળ્યો છે. આ ગ્રંથમાં વ્યભિચારાદિ દોષોથી મનુષ્યનું જે વીર્ય નષ્ટ થાય છે અને જેનાથી મનુષ્ય ઉન્નતિ થઇ શકતી નથી તે સંબંધી લખાયેલ છે. દેશના મનુષ્યોની ભયંકર દશા આવા કારણોથી થતી જોઇ લેખકે આ પ્રયાસ કર્યો છે. કયા કયા કુચાલોમાંથી આવી ભયંકર દશા થાય છે તેનું જુદી જુદી રીતે દિગદર્શન આ બુકમાં તેના આ લેખકે બહુ સારી રીતે કર્યું છે જે ખાસ વાંચવા જેવું છે. એકંદર રીતે આ ગ્રંથ ઉપયોગી છે.

મળવાનું ઠેકાણું.

**શેઠ જવાહીરલાલ જૈની સીકંદરાબાદ યૂ૦ પી૦ U. P.**

**વિમલ પ્રબંધ**—સંશોધક મણીલાલ બકોરભાઇ વ્યાસ સુરત. આ બુક અમોને અભિપ્રાય માટે ભેટ મળી છે. આ પ્રબંધ મૂળ કાવ્યરૂપે છે જેના મૂળ કર્તા **શ્રીમાન્ લાવણ્યસમય** મુનિ છે. અને તેનો અનુવાદ સંશોધકે કર્યો છે ઉક્ત ગ્રંથના ઉપોદ્ઘાતમાં જુની ગુજરાતી ભાષાની સમય મર્યાદા, જૈનોનો ગુજરાતી ભાષા સાથેનો સંબંધ તેમજ ઉત્તરોત્તર સમયે સમયે ગુજરાતી ભાષાના થયેલા ફેરફારો વગેરે સંબંધમાં સંશોધકે બહુજ સારો પ્રયાસ કર્યો છે અને સાહિત્યને ખરેખરી રીતે પ્રકાશમાં આણ્યું છે; એટલુંજ નહિ પણ ગ્રંથ આખો વાંચતાં ખરેખરી રીતે ગુજરાતી જૈન સાહિત્ય ઉપર સારૂં અજવાળું પાડયું છે. આવા ઐતિહાસિક ગ્રંથનો આવો સારો ઉપોદ્ઘાત લખી તેની ગૌરવતા વધારી છે. એકંદર રીતે આ ગ્રંથમાંથી ઘણી ઘણી બાબતોનું જ્ઞાન મળે તેમ હોવાથી દરેકને ગ્રહણ કરવા યોગ્ય છે.

**“ વૈશાક વદ ૫ થી ભેટની બુક અમારા માનવંતા ગ્રાહકોને વી૦ પી૦ થી મોકલવામાં આવશે—જેથી સ્વીકારશો.”**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીર્ણોદ્ધાર માટે વિનંતિ.

સર્વે જૈન બંધુઓને ખબર આપવામાં આવે છે જે ઇડરગઢ ઉપર આપણું એક **બાવન જીનાલયનું દેરાસર** છે તથા મૂળ નાયકજી શ્રી શાન્તીનાથજી છે. આ બાવન જીનાલયવાળું દેરાસર વિક્રમ સંવત પહેલાનું બંધાવેલ છે, એટલે તે બે અઢી હજાર વર્ષ ઉપર બંધાએલું પુરાણું તિર્થ છે એમ સંભળાય છે, ત્યાર પછી પરમ આર્હત્ રાજા કુમારપાળે તથા શ્રી સોમસુંદરસૂરિ મહારાજના વખતમાં સંવત્ ૧૪૭૮ ના સુમારે ઇડરના રહીશ શેઠ ગોવીંદજી શેઠે તે દહેરાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તે હાલમાં અતિશય જીર્ણ તથા ખંડીત સ્થિતિમાં આવી ગયેલું હોવાથી તેનો ઉદ્ધાર કરવાનું કામ મુંબઇ નિવાસી ગૃહસ્થોના શ્રમથી ગઇ સાલથી ચાલુ થયું છે.

જીર્ણોદ્ધારના કામ માટે રૂા. ૧૯૦૦૦) મુંબાઇ શહેરમાંથી તથા રૂા. ૬૦૦૦) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી મળી કુલ રૂા. ૨૫૦૦૦) ટીપમાં ભરાએલા તે તમામ દેરાસરના સમાર કામમાં આજ સુધીમાં ખરચાઇ ચૂકેલા છે, અને હજુ ઘણું કામ બાકી છે તે ચોમાસાં પહેલાં પુરૂં કરવાની ખાસ જરૂર છે. તેમ ન થાય તો આજ સુધીમાં થયેલ તમામ ખર્ચ બરબાદ જશે. અધુરૂં કામ પુરૂં કરવાને હજુ ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦૦) ની જરૂર છે. તેથી સર્વે જૈન ભાઇઓને વિનંતી કરીએ છીએ કે, આવા પુણ્યના કામમાં આપ આપનો ઉદાર હાથ યથાશક્તિ લંબાવશો. આપ જાણો છો કે નવા દેરાસર બંધાવવા કરતાં જુનાના ઉદ્ધારમાં આઠ ગણો વધારે લાભ સમાયેલો છે અને આ દાખલામાં તો જુના તીર્થનો ઉદ્ધાર કરવાનો છે. એટલે તેમાં તો અનંત પુણ્ય શાસ્રકારોએ કહેલું છે.

મજકુર દેરાસરના સમારકામમાં જે સદ્ગૃહસ્થ રૂા. ૩૦૧ તથા રૂા. ૫૦૧ ની રકમ ભરશે તેમના મુબારક નામની આરસની તખ્તી અનુક્રમે મોટી તથા નાની દેરડી ઉપર લગાડી આપવામાં આવશે. માટે જે જૈન ભાઇઓ અગર બહેનોને પોતાના અથવા પોતાના વડીલોના નામ આવા પુણ્યના કામમાં મદદ કરી અમર કરવાની જીજ્ઞાસા હોય તેમણે મુબારક નામ તથા ભરવા ધારેલી રકમ **શેઠ મણીભાઈ ગોકલભાઈ મુલચંદ** ઠેકાણું **ચંપાગલી મુંબઇ** એ શીરનામે મોકલી આપવા મહેરબાની કરવી.

ઇડરગઢના દેરાસરના જીર્ણોદ્ધારનું કામ નીચે લખેલા સદ્ગૃહસ્થોની દેખરેખ નીચે ચાલે છે.

**શેઠ મણીભાઇ ગોકલભાઇ મુળચંદ.** **શેઠ કલ્યાણચંદ શોભાગચંદ.**
**શેઠ નગીનભાઇ મંછુભાઇ.** **શેઠ નેમચંદ માણેકચંદ કપુરચંદ.**

**શેઠ દલસુખભાઇ વાડીલાલ વીરચંદ.**

**તા. ક.**—શેઠ આણંદજી કલ્યાણજીને ફરી વિનંતી કરતાં તેઓએ રૂા. ૩૦૦૦) આ કામ માટે મંજુર કર્યા છે. તા. ૫–૫–૧૯૧૫

For Private And Personal Use Only

## શ્રીયુત શેઠ હેમચંદ અમરચંદનો સ્વર્ગવાસ.

પ્રથમ માંગરોળ અને હાલ ધંધાર્થે મુંબઇ નિવાસી ઉકત શ્રીમાન્ ગૃહસ્થ ભરયુવાન વયે ટુંકા વખતની માંદગી ભોગવી તા. ૧૨–૫–૧૯૧૫ બુધવારના રોજ ધરમપુરમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ માંગરોળ અને મુંબઇ બંને શહેરની જૈન કોમમાં અગ્રગણ્ય પુરૂષ હતા. સ્વભાવે સરલ, શાંત, અને માયાળુ હતા. ધાર્મિક કાર્યોમાં તેઓ અનેક પ્રકારની સહાય આપતા એટલુંજ નહિ પરંતુ ધાર્મિક કેળવણીના ખાસ હિમાયતી હોઇને તેમાં પણ તેઓ સારી મદદ આપતા તેથી તેઓ ખરેખરા એક દાનવીર નરરત્ન હતા.

દેવગુરૂની અપૂર્વ ભકિત અને અનુકંપા તેમજ વ્યવહારિક તેમજ ધાર્મિક ઉચ્ચવૃત્તિ તે તેમનામાં ઉંચામાં ઉંચા ગુણો હતા. જેથી તેઓ ખરેખરા જૈનકુલ ભુષણ હતા. જેને લઇને સમગ્ર રીતે જૈનકોમને ખરેખર એક લાયક નરરત્નની ખોટ પડી છે. તેઓશ્રીની જીંદગી ખરેખર એક નમુનારૂપ અનુકરણીય હતી. ઉકત શ્રીમાન બંધુનો આ સભા ઉપર પૂર્ણ પ્રેમ હતો અને અંતઃકરણની લાગણીને લઇને તેઓશ્રી ગઇ સાલમાં આ સભાના લાઇફ મેમ્બર થયા હતા. તેઓશ્રીનો સ્વર્ગવાસ થતાં આ સભા પણ અંતઃકરણ પૂર્વક પોતાની દીલગીરી જાહેર કરે છે. સભાએ ખરેખર એક વીરરત્ન ગુમાવ્યો છે. પરંતુ ભવિતવ્યતા બળવાન હોઇ મનુષ્યમાત્રનું તેની પાસે ચાલતું નથી. છેવટે તેઓશ્રીના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ મળે એમ પ્રાર્થના કરીએ છીએ.

## શાહ ગીરધરલાલ હીરાચંદનો સ્વર્ગવાસ.

અમોને જણાવતાં અત્યંત દીલગીરી ઉત્પન્ન થાય છે કે ભાઇ ગીરધરલાલ હીરાચંદ માત્ર બે ત્રણ માસની બીમારી ભોગવી શુમારે ત્રીશ વર્ષની યુવાન વયે ગયા માસમાં પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે સરલ, શાંત, માયાળુ, અને ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ આ સભાના સભાસદ હોઇ સારી લાગણી ધરાવતા હતા. તેઓના કુટુંબને દિલાસો આપવા સાથે તેઓના આત્માને શાંતિ મળે એમ ઇચ્છીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમા છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

### માગધી—સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ "સત્તરીસય ઠાણુ સટીક" | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી |
| ૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" | પ્રાંતીજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા. શેઠ મગનલાલકરમચંદ તરફથી |
| ૩ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" | શા. હીરાચંદ મહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા તરફથી. |
| ૪ "દાન પ્રદીપ" | શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદર વાળા તરફથી. |
| ૫ "મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજીધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ "સંબોધ સિત્તરી સટીક" | શા. કલ્યાણજી ખુશાલ વેરાવલવાળા તરફથી. |
| ૭ "સમયસાર પ્રકરણ સટીક" | શેઠ મોતીચંદ દેવચંદ માંગરોળવાળા તરફથી |
| ૮ "ગુરૂગુણષટ ત્રિશિંકા સટીક" | શા. સોમચંદઉત્તમચંદ માંગરોળવાળા તર. |
| ૯ "ષટસ્થાનક પ્ર–સટીક" | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઈ માંગરોળવાળા તરફથી. |
| ૧૦ "ચૈત્યવંદન મહાભાષ્ય" | શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફ. |
| ૧૧ "સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા. |
| ૧૨ "ષડાવશ્યક વૃત્તિ નમિસા–કૃત" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા |
| ૧૩ "પેથડ ઝાઝણ પ્રબંધ" | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા.ત. |
| ૧૪ "પુન્યધન ચરિત્ર" | શા. મનસુખભાઈ લલ્લુભાઇ પેથાપુરવાળા. |
| ૧૫ "કુમારપાળ પ્રબંધ" (શ્રી જિન મંડનગણી કૃત | શેઠ લલ્લુભાઇ નથુભાઇ પાટણવાળા તરફ. |
| ૧૬ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા.ત. |
| ૧૭ "શ્રાવકધર્મ વિવિધ પ્રકરણ સટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા |
| ૧૮ "અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી કૃત મૂલ;અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ કૃત **જ્ઞાનમંજરી ટીકા સહિત** | |
| ૧૯ "કલ્પસૂત્ર સુબોધિક ટીકા" | શા. ચુનીલાલ સાકરચંદ પાટણવાળા તર. |
| ૨૦ "પ્રાચીન ચારકર્મ ગ્રંથ ટીકાસાથે" | શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧ "ધર્મ પરીક્ષા શ્રીજિનમંડનગણી કૃત" બે શ્રાવિકાઓ પાટણ તરફથી.
૨૨ " સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત " શા. લલ્લુભાઇ ખુમચંદની વિધવા બેન મેનાબાઇ પાટણવાળા તરફથી.
૨૩ " ઉપદેશ સપ્તતિકા " બ્હેન વીજળીબાઇ વડોદરાવાળા તરફથી
૨૪ " પંચ નિગ્રંથી સાવચૂરિ.
૨૫ " પર્યન્ત આરાધના સાવચૂરિ.
૨૬ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ.
૨૭ " બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.

---

૨૮ " પંચ સંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી
૨૯ " શ્રાદ્ધ વિધિ. શા જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તરફથી
૩૦ " પ્રતિમા શતક લઘુ ટીકા. " શા. ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા તરફથી
૩૧ " ષડ્દર્શન સમુચ્ચય શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તરફથી.
૩૨ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર " શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૩૩ " બૃહત સંઘયણી શ્રી જિનભદ્રગણી ક્ષમા શ્રમણ કૃત. " એક સભા તરફથી
૩૪ " જીવાનુશાસન સટીક શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણવાળા તરફથી.
૩૫ " ક્ષેત્ર સમાસટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી
૩૬ " કુવલયમાલા [સંસ્કૃત] "
૩૭ ધમ્મીલ ચરિત્ર } એક શ્રાવક તરફથી
૩૮ ધન્ના ચરિત્ર }

---

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૯ " શ્રાદ્ધગુણ વિવરણ " (ભાષાંતર) વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવાળા
૪૦ " તપાવલી ( તપ મહોદધિ )" શેઠ આણંદજી પરશોતમના તરફથી. વિધિ વિધાન સહિત ગુજરાતીમાં પ્રત આકારે.

૪૧ " પૂજા સંગ્રહ " પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી) મહારાજ કૃત તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત )

ઉપરના ગ્રંથો સિવાય બીજા ગ્રંથોની પણ યોજના થાય છે, તેની પણ જાહેર ખબર હવે પછી આપવામાં આવશે.

---

For Private And Personal Use Only